૧. સન ૧૯૭૩ના ગુજરાતના ૨૭મા અધિનિયમની કલમ ૭ (૧) થી આ શબ્દો દાખલ કર્યા છે.

૨. એજનની કલમ ૭ (૨) થી "ત્રણ" એ શબ્દને બદલે આ શબ્દ મૂકયો છે.

(ઘ) કલમ ૪૪ મુજબ અને [1][ [2][રાજ્ય] સરકારે] કલમ ૭૦ મુજબ કરેલા નિયમમાં વખતો વખત ઠરાવવામાં આવે તે પિયાવા અને શરતો પ્રમાણે સદરહુ નીકમાંથી પાણી મળવાનો હક પ્રાપ્ત થશે :

પરંતુ નીકનો કોઇપણ માલિક, અને પક્ષકારોની વચ્ચે થયેલી કોઈ કરારની શરતોને અથવા કલમ ૨૩ મુજબ મૂકેલી કોઇ શરતને અધીન રહીને, ઉપર જણાવેલી કોઇપણ વ્યકિત, કોઇપણ સમયે સદરહુ પ્રકારની નીકોમાંનો પોતાનો હિત સંબંધ છોડી દેવા બાબત જે નહેર અધિકારી હિતસંબંધ છોડી દેવાની નોટિસ સ્વીકારવાની વિધિસર સત્તા ધરાવતા હોય તે નહેર અધિકારીને, આ અર્થે ત્રણ મહિના પહેલાં લેખિત નોટિસ આપીને, નીકમાંનો પોતાનો હિત-સંબંધ છોડી દઇ શકશે.

**બીજી વ્યકિતએ માલિકની સાથે ખાનગી ગોઠવણ કરવા બાબત.**

૨૨. નીકનો માલિક ન હોય તેવી કોઇ વ્યકિતની નીકમાંથી પાણી મેળવવાની ઇચ્છા હોય તો તેણે, તે નીકથી લઇ જવા દેવા બાબત માલિકની સાથે ખાનગી ગોઠવણ કરવી, અથવા તે નીકનો ઉપયોગ કરવાનો અધિકાર મળવા સારૂ અથવા તો તે નીકના સંયુકત માલિક તરીકે પોતાને ઠરાવવા માટેની અરજી, તેવી અરજી સ્વીકારવાની વિધિસર સત્તા ધરાવતા નહેર અધિકારીને કરવી.

**નહેર અધિકારી યોગ્ય તપાસ કરીને પાણી લેવાનો અધિકાર આપી શકશે અથવા અરજી કરનારને સંયુકત માલિક કરાવી શકશે.**

૨૩. એવી અરજી મળ્યે, તેવો અધિકાર શા માટે આપવો નહિ અથવા, તે પ્રમાણે શા માટે ઠરાવવું નહિ એનું કારણ બતાવવા નહેર અધિકારીએ માલિકને નોટિસ બજાવવી જોઇએ, અને વાંધો લેવામાં ન આવે અને કાંઇપણ વાંધો લેવામાં આવ્યો હોય પણ તે અપૂરતો અથવા ગેરકાયદેસર માલૂમ પડે તો તેણે કલેકટરની મંજૂરીને અધીન રહીને, પોતાને વાજબી લાગે તે પ્રમાણે નુકસાનનો બદલો અથવા ભાડું આપવાની શરતે અથવા બીજી રીતે તે નીકનો ઉપયોગ કરવાનો અધિકાર અરજ-દારને આપવો, અથવા અરજદારને નીકનો સંયુકત માલિક છે એમ ઠરાવવો.

**નીક સારૂ લીધેલી જમીનનો ઉપયોગ બીજા હેતુ માટે કરવા બાબત.**

૨૪. નીક સારૂ આ ભાગ મુજબ લીધેલી જમીનનો [3][તથા કલમ ૯૨ મુજબ બાંધેલી નીક માટે વાપરેલી જમીનનો] ઉપયોગ બીજા કોઇ હેતુ માટે, તેવો ઉપયોગ કરવા દેવાની પરવાનગી આપવાની યોગ્ય રીતે સત્તા ધરાવતા નહેર અધિકારીની પૂર્વ સંમતિ લીધા સિવાય કરવો નહિ.

---

૧. એડેપ્ટેશન ઓફ ઇન્ડિયન લોઝ ઓર્ડર ઇન કાઉન્સિલથી "ગવર્નર ઇન કાઉન્સિલે" એ મજકૂરને બદલે "પ્રાંતિક સરકારે" એ મજકૂર દાખલ કર્યો છે.

૨. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી "પ્રાંતિક" એ મજકૂરને બદલે "રાજ્ય" એ મજકૂર દાખલ કર્યો છે.

૩. સન ૧૯૩૧ના મુંબઇના ૧૪મા અધિનિયમની કલમ ૨થી આ મજકૂર દાખલ કર્યો છે.

**૨૫.** [1][જો નીકનો કોઇ માલિક કલમ ૨૧ના ખંડ (ક) અથવા (ખ) થી તેની ઉપર નાંખેલી જવાબદારીનું પાલન ન કરે, તો— **માલિક કામ કરવાને અથવા નીકનું સમારકામ કરવામાં ચૂકે તો તેના વતી તે કરાવી લેવાની સત્તા નહેર અધિકારીને છે.**

(ક) આ માટે વિધિસર સત્તા આપેલા કોઇ નહેર અધિકારી, તેને નોટિસ આપીને, જરૂરનું હોય તે કામ અથવા સમારકામ પંદર દિવસથી ઓછી નહિ તેટલી નોટિસમાં નિર્દિષ્ટ કરવાની મુદતમાં કરવાનું ફરમાવી શકશે અને માલિક તેમ કરે નહિ, તો તે કામ અથવા સમારકામ તેના વતી કરાવી શકશે ;

(ખ) એવા નહેર અધિકારીને ખાતરી થાય કે નીકમાં પાણીનો વણથંભ્યો પ્રવાહ જાળવવા માટે અથવા નીકમાં પાણી ચાલુ રાખવા માટે જરૂરી કામ અથવા સમારકામ કરવા માટે તાત્કાલિક પગલાં લેવાનું આવશ્યક છે, તો તે માલિકને એવી નોટિસ આપ્યા સિવાય, માલિક વતી આવું કામ અથવા સમારકામ કરાવી શકશે અને આ કલમમાં આમાં હવે પછી જોગવાઇ કરી હોય તે સિવાય આવાં કામ અથવા, સમારકામ કરવામાં થયેલું તમામ ખર્ચ રાજ્ય સરકારની, આવા માલિક પાસેથી લેણી નીકળતી રકમ ગણાશે ].

જે નીકમાં નહેર અધિકારીને આ કલમ મુજબ કંઇ સમારકામ કર્યું હોય તે નીકનો ઉપયોગ કરનાર માલિક સિવાયની દરેક વ્યકિત, સદરહુ નીકનો ઉપયોગ કરવાનો અધિકાર તેને આપ્યો તે વખતે પક્ષકારોની વચ્ચે કોઇ કરાર થયો ન હોય અથવા કલમ ૨૩ મુજબ કોઇ વિરૂદ્ધ શરત મૂકી ન હોય તો, તેવું સમારકામ કરવામાં થયેલ ખર્ચ તે નહેર અધિકારી નક્કીકરે તે પ્રમાણમાં [2][[3][રાજ્ય] સરકારને] આપવાને જવાબદાર બનશે એમ સમજવું. **નીકનો ઉપયોગ કરનારે સમારકામના ખર્ચનો હિસ્સો આપવો જોઇએ.**

### [4][બંધારા

**૨૫-ક.** (૧) કલમ ૮૪ અને ૮૫માં અન્યથા ઠરાવવામાં આવ્યું હોય તે સિવાય, દુમાલા જમીન અથવા ગામોનો દરેક ધારણ કરનાર અને તાલુકદારી ગામમાં વાંટા ભાગનો દરેક ધારણ કરનાર (જેને આમાં હવે પછી "ધારણ કરનાર" કહ્યો છે તે), તેની જમીન અથવા ગામ અથવા વાંટામાં આવેલા કોઇ બંધારાનું બધી રીતે જરૂરી સમારકામ કરાવવા અને કલેકટરને સંતોષ થાય તેવી રીતે સમારકામ કરાવી તેને સારી હાલતમાં રાખવા બંધાયેલો રહેશે. **દુમાલા જમીનો અને ગામોમાં તથા તાલુકદારી, ગામોમાં આવેલા બંધમાનું સમારકામ કરાવવાની જવાબદારી.**

---

૧. સન ૧૯૭૩ના ગુજરાતના ૨૭મા અધિનિયમની કલમ ૮ થી અસલ પરિચ્છેદને બદલે આ મજકૂર મૂકયો છે.

૨. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લોઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી "સરકારની" અને "સરકારને" એ મજકૂરને બદલે "પ્રાંતિક સરકારની" અને "પ્રાંતિક સરકારને" એ મજકૂર અનુક્રમે દાખલ કર્યા છે.

૩. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦થી "પ્રાંતિક" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૪. સન ૧૯૫૧ના ૨૯મા અધિનિયમની કલમ ૩ થી આ શીર્ષક અને કલમો ૨૫-ક તથા ૨૫-ખ દાખલ કરી છે.

(૨) પેટા-કલમ (૧)ની જોગવાઈઓ મુજબ કરેલ બંધારાના કોઈ સમારકામ માટેનું ખર્ચ ધારણ કરનારે તથા રાજ્ય સરકારે નીચે મુજબ આપવું—

(૧) જેનું મહેસૂલ, ધારણ કરનાર અને રાજ્ય સરકાર વચ્ચે વહેંચી લેવામાં આવતું હોય તે ગામ અથવા ગામોમાં આવેલ જમીનમાં જ સિચાઈમાં કામ લાગતા બંધારાની બાબતમાં ધારણ કરનાર અને રાજ્ય સરકાર વચ્ચે સમારકામ માટેના ખર્ચની વહેંચણી, જે પ્રમાણમાં મહેસૂલનો તેમની વચ્ચે ભાગ પાડવામાં આવતો હોય, તેજ પ્રમાણમાં થશે.

(૨) જેનું મહેસૂલ ધારણ કરનાર અને રાજ્ય સરકાર વચ્ચે વહેંચી લેવામાં આવતું હોય તે ગામ અથવા ગામોમાં આવેલ જમીનમાં તેમજ કોઈ બિનદુમાલા ગામ અથવા ગામોમાં આવેલ જમીનમાં પણ સિચાઈ કરતા અથવા તાલુકદારી ગામના વાટા-ભાગમાં આવેલ જમીનમાં અને સદરહુ ગામમાં બીજી જમીનમાં પણ સિચાઈ કરતા બંધારા અંગે સમારકામનું ખર્ચ, બંધારાથી સિંચાઈ કરેલ જમીનનું કુલ ક્ષેત્રફળ ધ્યાનમાં લઈને, પ્રથમ ઠરાવેલી રીતે ગણવું. પછી જેનું મહેસૂલ ધારણ કરનાર અને રાજ્ય સરકાર વચ્ચે વહેંચી લેવામાં આવતું હોય તે ગામ અથવા ગામોના સંબંધમાં ખર્ચનો ફાળે પડતો ભાગ, આવા ગામ અથવા ગામોમાં આવેલ જમીનનું ક્ષેત્રફળ બંધારાથી સિચાઈ કરેલ જમીનનું કુલ ક્ષેત્રફળ સાથે જે પ્રમાણ ધરાવતું હોય, તેના ધોરણે ગણવો, આવા ગામ અથવા ગામોમાં આવેલી જમીનના સંબંધમાં એવી રીતે આવેલ ફાળે પડતું ખર્ચ ધારણ કરનારે અને રાજ્ય સરકારે ઉપરના ખંડ (૧) માં ઠરાવ્યા પ્રમાણે આપવાનું રહેશે.

(૩) આ કલમ મુજબ અથવા કલમ ૨૫-ખ મુજબ ધારણ કરનારે આપવાના ખર્ચના હિસ્સા અથવા રકમ વિષે કોઈ તકરાર ઊભી થાય તો, સદરહુ બાબત કલેકટરને લખી મોકલવી અને તેમનો નિર્ણય આખરી ગણાશે.

ધારણ કરનાર બંધારાનું સમારકામ કરવામાં ચૂકે તો બંધારાનું સમારકામ કરવા બાબત.

**૨૫-ખ.** ધારણ કરનાર કલમ ૨૫-ક થી તેની ઉપર આવતી જવાબદારીનું પાલન કરવામાં ચૂકે, તો કલેકટર તેને નોટિસ આપીને, આવી નોટિસમાં ઠરાવવાની પંદર દિવસ કરતાં ઓછી ન હોય તેવી મુદત દરમિયાન, જરૂરી સમારકામ કરાવવાનું, ફરમાવી શકશે અને તે સમારકામ ન કરાવે તો તેના વતી સમારકામ કરાવી શકશે. કલમ ૨૫-કની પેટા કલમ (૨) ની જોગવાઈઓ ધ્યાનમાં લઈને કલેકટર નક્કી કરે, તટલે સુધી સમારકામ કરાવવામાં થયેલ ખર્ચ આપવાને ધારણ કરનાર જવાબદાર બનશે. આવા ખર્ચ અંગે ધારણ કરનાર પાસે લેણી હોય તે રકમ આપવામાં તે કસૂર કરે, તો તે રકમ તેની પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાશે].

### નીકોને લગતી તકરારોની પતાવટ

**નીકમાં હિત ધરાવતી વ્યકિતના પરસ્પર હક અને જવાબ-દારી બાબતની તકરારની પતાવટ.**

૨૬. જ્યારે કોઈ નીકનો ઉપયોગ, અથવા તેના બાંધકામ અથવા નિભાવ, બાબત બે અથવા વધારે વ્યકિતઓ વચ્ચે પરસ્પરના હક અથવા જવાબદારીઓ વિષે અથવા તેવી નીકના સંયુકત માલિકો વચ્ચે તેના બાંધકામ અથવા નિભાવના ખર્ચના પોતપોતાના હિસ્સા બાબત અથવા તેવા ખર્ચ બાબત પોતે આપેલી જુદીજુદી રકમ બાબત અથવા કોઈ માલિક પોતાનો હિસ્સો આપવાનો ચૂકયા બાબત તકરાર ઉઠે, ત્યારે,

જે બાબત વિષે તકરાર હોય તેને વિષે લેખિત અરજી, એવી અરજી સ્વીકારવાની વિધિસર સત્તા ધરાવતા નહેર અધિકારીને તકરારી વાતમાં હિત ધરાવતી કોઈપણ વ્યકિત કરી શકશે.

પછી તે અધિકારી નોટિસમાં લખેલી તારીખે સદરહુ બાબતની પોતે તપાસ કરશે એવી લેખિત નોટિસ હિત ધરાવતી બીજી વ્યકિતઓને આપશે.

અને તે લવાદ થાય તે હિત ધરાવતી બધી વ્યકિતઓ લખી આપીને કબૂલ રાખે તો તેણે તે બાબત પોતાનો હુકમ કરવો;

તેઓ એમ કબૂલ ન થાય તો તે બાબત કલેકટર ઉપર મોકલશે, અને કલેકટર તે બાબત તપાસ કરી પોતાનો હુકમ કરશે;

આ કલમ મુજબ કલેકટરે કરેલો કોઈપણ હુકમ દીવાની કોર્ટના હુકમનામાથી રદ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

### ભાગ ૪

### પાણી આપવા બાબત

### પાણી આપવા વિષેની અરજીઓ

**લેખિત અરજી કરે ત્યારે પાણી આપવું અને સિંચાઈ સિવા-યના હેતુઓ માટે પાણી આપી શકાશે.**

૨૭. કોઈપણ નહેરમાંથી પાણી લેવાની જે વ્યકિતની ઈચ્છા હોય તેણે તે બાબતની લેખિત અરજી, તેવી અરજી લેવાની સત્તા જે નહેર અધિકારીને યોગ્ય રીતે આપી હોય તેને આ અર્થે [1][[2][રાજ્ય] સરકાર] વખતોવખત જે નમૂના ઠરાવે તે નમૂના પ્રમાણે કરવી જોઈએ.

---

૧. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લોઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી "સરકાર" તથા "સરકારની" એ મજકૂરને બદલે "પ્રાંતિક સરકાર" એ મજકૂર દાખલ કર્યો છે.

૨. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી "પ્રાંતિક" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૧[તેને લેખિત અરજી સાદર કરવામાં આવ્યે, નહેર અધિકારી, પાણીના પુરવઠાનાં મર્યાદા, નિયંત્રણ અને માપ અંગેની, કોઇ ખાસ હેતુ માટે પાણીના ઉપયોગ સંબંધમાં જે ખાસ શરતો અને નિયંત્રણો મૂકવાની સત્તા રાજ્ય સરકાર તેને આપે તે ખાસ શરતો અને નિયંત્રણો હેઠળ પાણી લેવાની પરવાનગી આપી શકશે].

## પાણી આપવા બાબત જોગવાઈ

**પાણી આપવાનું કામ બંધ કરવાની સત્તા.**

૨૮. નીચેના સંજોગો સિવાય, કોઇ નીકને અથવા પાણી મળવાનો હક ધરાવનારને પાણી આપવાનું બંધ કરી શકાશે નહિ—

(ક) સત્તા ધરાવતા અધિકારીએ ફરમાવેલા કોઇ કામ સારૂ એ પ્રમાણે પાણી આપવાનું જ્યારે અને જ્યાં સુધી બંધ કરવું જરૂરી હોય ત્યારે અને ત્યાં સુધી;

(ખ) જે નીકમાંથી એ પ્રમાણે પાણી મળતું હોય તેમાંથી પાણી નકામું નીકળી ન જાય એવી સારી હાલતમાં નીકને જ્યારે અને જ્યાં સુધી ન રાખવામાં આવે ત્યારે અને ત્યાં સુધી;

(ગ) પાણી મેળવવાનો હક ધરાવતી બીજી વ્યક્તિઓની કાયદેસરની માંગણીઓ વારાફરતી પૂરી પાડવા માટે જ્યારે અને જ્યાં સુધી તેમ કરવાની જરૂર હોય ત્યારે અને ત્યાં સુધી;

(ઘ) પાણી નકામું વહી જતું અટકાવવા અથવા તેનો ગેરઉપયોગ થતો અટકાવવા જ્યારે અને જ્યાં સુધી તેમ કરવાની જરૂર જણાય ત્યારે અને ત્યાં સુધી;

(ચ) આ અર્થે વિધિસર સત્તા ધરાવતા નહેર અધિકારીએ વખતોવખત ઠરાવેલી અને જેની ઘટતી નોટિસ આપી હોય તે મુદતોમાં હોય તે સિવાય;

૨[(છ) કલમ ૯૧ મુજબ નહેર અધિકારી પાણી મેળવવાના સ્થાનમાં ફેરફાર કરે ત્યાં સુધી પાણી આપવાનું જ્યારે અને જ્યાં સુધી બંધ કરવું જરૂરી હોય ત્યારે અને ત્યાં સુધી;]

૩[(જ) પાણી આપવાનું બંધ કરવા માટેની જોગવાઈ કરતી જે શરતને અધીન રહીને પાણી લેવાની પરવાનગી આપવામાં આવી હોય તે શરત હોય, તો તે અનુસાર].

---

૧. સન ૧૯૭૩ના ગુજરાતના ૨૭મા અધિનિયમની કલમ ૯થી અસલ મજકૂરને બદલે આ મજકૂર મૂક્યો છે.

૨. સન ૧૯૩૧ના મુંબઇના ૧૪મા અધિનિયમની કલમ ૩ થી ખંડ (છ) દાખલ કર્યો છે.

૩. સન ૧૯૭૩ના ગુજરાતના ૨૭મા અધિનિયમની કલમ ૧૦થી આ ખંડ દાખલ કર્યો છે.

૨૯. નહેરનું પાણી માત્ર એક અથવા વધારે પાક માટે જમીનની સિંચાઈ માટે આપવામાં આવનું હોય ત્યારે તે પાણીનો ઉપયોગ કરવાની પરવાનગી તે પાક અથવા પાકો તૈયાર થાય નહિ ત્યાં સુધી જ ચાલુ રહેશે અને તે પાકને અથવા પાકોને જ લાગુ પડશે.

**પાણી આપવાની મુદત.**

૩૦. નહેરનું પાણી કોઈ જમીનને, ઈમારતને અથવા બીજી સ્થાવર મિલકતને આપવા વિષેનો દરેક કરાર તે જમીન, ઈમારત અથવા બીજી સ્થાવર મિલકતની સાથે બીજાના નામનો કરી આપી શકાશે અને તે જમીન, ઈમારત અથવા બીજી સ્થાવર મિલકત જ્યારે બીજાના નામની કરી આપવામાં આવે ત્યારે તે કરારે તે પ્રમાણે બીજાના નામે કરી આપ્યો છે એમ માની લેવાશે.

**જેને પાણી આપાતું હોય તે મિલકતની સાથે પાણી આપવા બદલના કરાર બીજાને નામે કરી આપી શકાશે.**

કોઈ નહેર સંબંધી કોઈ કામનો અથવા કોઈ નહેરને લગતી જમીનનો ઉપયોગ કરવાનો હક ધરાવતી વ્યક્તિથી અને એવા પૂર્વોકત કરાર સિવાય નહેરના પાણીનો ઉપયોગ કરવાનો હક ધરાવતી કોઈ વ્યક્તિથી, એવી પરવાનગી આપવાની વિધિસર સત્તા ધરાવતા નહેર અધિકારીની પરવાનગી વગર, એવો ઉપયોગ કરવાનો પોતાનો હક વેચી નાખી શકાશે કે પેટા-ભાડે આપી શકાશે નહિ કે બીજી રીતે બીજાને નામે કરી આપી શકાશે નહિ.

**પણ પાણીનો ઉપયોગ કરવાનો હક બીજે કોઈપણ પ્રસંગે નહેર અધિકારીની પરવાનગી સિવાય બીજાને નામે કરી આપી શકાશે નહિ.**

## ભાગ-૫

## વળતર બાબત

### વળતર ક્યારે માગી શકાય

૩૧. આ અધિનિયમથી મળતી સત્તા પૈકી સત્તા વાપરતાં થયેલ મહત્ત્વના અને આવું વળતર આપવાનું ઠરાવતી વેળા નક્કી થઈ શકે અને અંદાજી શકાય તેવા નુકસાન બદલ વળતર આપી શકાશે :

**નક્કી કરી શકાય તેવા મહત્ત્વના નુકશાન બદલ વળતર.**

**અપવાદો**

પરંતુ નીચેનાથી થયેલા કોઈ નુકશાન બદલ વળતર આપી શકાશે નહિ :—

(ક) આબોહવા બગડવાથી, અથવા

(ખ) નૌકાવ્યવહાર, અથવા લાકડાં વહેણમાં તાણી લાવવાનું અથવા ઢોરને પાણી પાવાનું સાધન બંધ થવાથી, અથવા

(ગ) કલમ ૩૭ મુજબ જાહેરનામું કર્યાની તારીખથી અગાઉના પાંચ વર્ષમાં સદરહુ પાણીનો ઉપયોગ કર્યો નહિ હોય તો, કલમ ૫ મુજબ મળેલી સત્તાની રૂએ પાણી આપવાનું બંધ કર્યાથી અથવા પાણી ઓછું આપવાથી, અથવા

(ઘ) નહેરમાં જ્યારે—

(૧) [1][2][રાજ્ય] સરકારના] કાબૂમાં ન હોય એવા કારણને લીધે,

(૨) નહેરમાં થયેલ કંઈ સમારકામ, અથવા ફેરફાર અથવા વધારાને લીધે, અથવા

(૩) નહેરમાં પાણીના યોગ્ય વહનના નિયમન માટે અથવા સિંચાઈના ઠરાવેલા ક્રમના નિભાવ માટે આ અર્થે વિધિસર સત્તા ધરાવતા કોઈ નહેર અધિકારીને જરૂરી લાગે તેવાં પગલાંને લીધે પાણી ન આપે અથવા બંધ થાય તેથી :

**પિયાવામાં ક્યારે છૂટ આપી શકાશે.**

પરંતુ કોઈ વ્યક્તિને પાણી મળતું હોય અને તે પાણી આને કલમના ખંડ (ઘ)માં લખેલાં કારણોમાંથી કોઈ કારણે બંધ થવાથી અથવા ઓછું થવાથી તેને નુકશાન થાય, તો તે વ્યક્તિ પિયાવો આપતી તેમાં [1][2][રાજ્ય]સરકાર] જેટલી છૂટ આપવા રજા આપે તેટલી છૂટ તેને મળી શકશે.

**દાવા કરવાની મુદત.**

૩૨. આ અધિનિયમ મુજબ વળતરની માગણી જેને માટે ફરિયાદ હોય તે નુકશાન શરૂ થયાથી બાર મહિના થઈ ગયા પછી વિચારાશે નહિ, પણ માગણી કરનારને એવી મુદતની અંદર માગણી ન કરવાને પૂરતું કારણ હતું એવી કલેકટરની ખાતરી થાય તો તે વિચારી શકાશે.

૩૩. [આ અધિનિયમ અમલમાં આવ્યાની પહેલાં થયેલા કામ બાબત વળતરની માગણી ચાલશે નહિ] સન ૧૮૯૦ના ૧૬મી અધિનિયમથી રદ કરી છે.

---

૧. એડપ્શન ઓફ ઈન્ડિયન લોઝ ઓર્ડર ઇન કાઉન્સિલથી "સરકારને" એ મજકૂરને બદલે "પ્રાંતિક સરકારને" એ મજકૂરથી દાખલ કર્યો છે.

૨. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી "પ્રાંતિક"એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

## ત્વરિત નિર્ણયો

**જમીન ઉપર જવા વગેરેથી થયેલા નુકશાનનું વળતર.**

૩૪. કલમ ૬, કલમ ૭, કલમ ૮ અથવા કલમ ૯ મુજબ કોઈ જમીન ઉપર અથવા ઈમારતમાં પ્રવેશ બાબતમાં, નહેર અધિકારીએ અથવા વ્યકિતએ પોતાના પ્રવેશથી અથવા કંઈ કામ કરવાથી કોઈ પાકને અથવા ઝાડને, અથવા ઈમારતને અથવા બીજી મિલકતને કેટલું નુકશાન થયું છે એ નક્કી કરીને દફતરમાં નોંધવું.

અને નુકશાનનું વળતર આપવાની યોગ્ય રીતે સત્તા આપેલા નહેર અધિકારીએ જમીન ધારણ કરનારને અથવા નુકશાન પામેલી મિલકતના માલિકને એ રીતે પ્રવેશની તારીખથી એક મહિનાની અંદર વળતર આપવું.

એ વળતર સ્વીકારાય નહિ તો વળતરની રકમની તપાસ કરી તે ઠરાવવા સારૂ નહેર અધિકારીએ તે બાબત તરત કલેકટરને મોકલવી.

**પાણી મળવામાં હરકત થયા બદલ વળતર.**

૩૫. જેને નહેરનું પાણી મળતું હોય તે જમીનને ૩૧ના ખંડ (ઘ) માં કહેલી રીત સિવાય બીજી રીતે પાણી મળવામાં હરકત થઈ હોય, તો તે જમીનના ધારણ કરનારને તે હરકતથી થયેલા નુકશાન બદલ વળતર માટે કલેકટરને અરજી કરી શકશે અને કલેકટર નહેર અધિકારી સાથે વિચાર વિનિમય કરીને તેવા નુકસાન બદલ અરજદારને યોગ્ય વળતર આપવું.

**છેલ્લી બે કલમમાંથી કોઈપણ કલમ મુજબ વળતરની રકમ વિષે કરેલો નિર્ણય આખરી ગણાશે.**

૩૬. વળતર આપવાનું હોય તેની રકમ વિષે કલેકટરે પૂર્વવર્તી છેલ્લી બે કલમમાંથી કોઈ કલમ મુજબ કરેલો નિર્ણય અથવા કલમ ૭૦ મુજબ કરેલા કોઈ નિયમથી આવો નિર્ણય અપીલ પાત્ર જાહેર કરવામાં આવે તો જે અધિકારીને અપીલ કરવામાં આવે તેણે કરેલો નિર્ણય આખરી ગણાશે.

## નિયમાનુસાર નિર્ણયો

**કેટલેક પ્રસંગે વળતરના દાવા વિશે નોટિસ.**

૩૭. કલમ ૫ મુજબ જાહેરનામું કાઢયા પછી જેમ બને તેમ જલદી કલેકટરે સદરહુ પાણી પૂર્વોકત રીતે ઉપયોગમાં લેવાનો અથવા વાપરવાનો ૧[૨[રાજય] સરકારનો] ઈરાદો છે. અને વળતરની માગણી મારી સમક્ષ કરવી એવા મજકૂરની જાહેર નોટીસ અનુકૂળ જગાએ અપાવવી.

આવી દરેક નોટિસ સાથે કલમ ૩૧ અને ૩૨ ની નકલ જોડવી.

---

૧. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લોઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી "સરકારનો" એ મજકૂરનો બદલે "પ્રાંતિક સરકારનો" એ મજકૂર દાખલ કર્યો છે.

૨. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦થી "સરકાર" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

**કલેક્ટરની પાસે માગણી કરવી.**

૩૮. કલમ ૩૪ અને ૩૫ માં જોગવાઈ કરેલા પ્રકારની માગણી સિવાય, આ અધિનિયમ મુજબ વળતર સંબંધી તમામ માગણી, જે જિલ્લામાં એવી માગણી ઊભી થાય તે જિલ્લાના કલેક્ટર પાસે કરવી જોઈએ.

**કલેક્ટરે અનુસરવાની જમીન સંપાદન અધિનિયમની જોગવાઈઓ.**

[1][૩૯. (૧) કલેક્ટરે આવી દરેક માગણી તપાસી જઈ પોતાના અભિપ્રાય પ્રમાણે દાવેદારને આપવી. વળતરની ઘટતી રકમ નક્કી કરવી અને ચૂકાદો આપવો.

(૨) પેટા-કલમ (૧) મુજબ આપેલો દરેક ચૂકાદો જમીન સંપાદન અધિનિયમની કલમ ૨૬મા ઠરાવેલા નમૂના પ્રમાણે હોવો જોઈએ અને સદરહુ અધિનિયમની કલમ જોગવાઈઓ શક્ય હોય તેટલે સુધી, તપાસને અને પેટા-કલમ (૧) મુજબ ચૂકાદો આપવાને લાગુ પડશે.]

**વળતરની રકમ ઠરાવતી વખતે બજાર ભાવમાં થયેલો ઘટાડો લક્ષમાં લેવો.**

૪૦. પૂર્વવર્તી છેલ્લી કલમ મુજબ વળતરની રકમ ઠરાવતી વખતે જે મિલકત બદલ તેની માગણી કરી હોય તે મિલકતના બજાર ભાવમાં, વળતર આપવાની જોગવાઈ કરતી વખતે જે કંઈ ઘટાડો થયો હોય તે લક્ષમાં લેવો.

અને સદરહુ બજારભાવ ઠરાવી શકાતો ન હોય ત્યારે, આ અધિનિયમ મુજબ મળેલી સત્તાની રૂએ એવી મિલકતના વાર્ષિક ચોખ્ખા નફામાં જેટલી ઘટ આવી હોય તેની બારગણી રકમ વળતરની રકમ તરીકે ગણવી.

**વળતર ક્યારે આપવાનું થાય છે.**

૪૧. કલમ ૩૯ મુજબ આપેલા વળતરની આપવાની બધી રકમ, તેવા વળતર બદલ માગણી કર્યા પછી ત્રણ મહિને આપવાની થશે.

**વ્યાજ**

અને એ ત્રણ મહિના પછી એવી કોઈ રકમ વણચૂકવી રહે તેની ઉપર દર વર્ષે દર સેંકડે છ ટકા પ્રમાણે સાદું વ્યાજ આપવું, પણ માગણી કરનારે તે રકમ વિષે અરજી કરવાની ગફલત કરવાથી અથવા રકમ સ્વીકારવાની ના પાડ્યાથી તે રકમ વણચૂકવી રહી હોય તો, વ્યાજ આપવું નહિ.

## જમીન મહેસુલ અને ગણોત ઓછું કરવા બાબત

**પાણી મળવામાં હરકત થઈ હોય તો મહેસુલની માગણી ઓછી કરવી.**

૪૨. [2][[3][રાજ્ય] સરકારને] મહેસુલ આપતી કોઈપણ જમીનને પાણી આપવાનું બંધ થવાથી અથવા ઘટવાથી કલમ ૩૯ મુજબ વળતર આપવાની જોગવાઈ કરી હોય અને એવી જમીન બાબત મહેસુલ આપવાનું હોય તેની રકમ તે જમીનને પાણીથી ફાયદો થતો હોય તે ઉપરથી ઠરાવી હોય તો, આપવાના મહેસુલમાં કલેક્ટર ઠરાવે તેટલા ઘટાડા માટે ધારણ કરનારને હક રહેશે.

---

૧. સન ૧૯૬૨ના ગુજરાતના ૧૭મા અધિનિયમની કલમ ૬થી અસલને બદલે નવી કલમ ૩૯ દાખલ કરી છે.

૨. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લોઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી "સરકારને" એ મજકૂરને બદલે "પ્રાંતિક સરકારને" એ મજકૂર દાખલ કર્યો છે.

૩. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી "પ્રાંતિક" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

**૪૩.** જે કોઇ જમીન બાબત આવું વળતર આપ્યું હોય તે જમીનના દરેક કનિષ્ઠ ધારણ કરનારને તે વળતરનો કોઇ ભાગ મળ્યો ન હોય તો, તે જમીનના વરિષ્ટ ધારણ કરનારને તે અગાઉ જે ગણોત આપતો હોય તે ગણોતમાં ધારણ કરેલી જમીનની ઘટી ગયેલી કિંમતના પ્રમાણમાં ઘટાડાનો હક તે કનિષ્ટ ધારણ કરનારને છે : **પાણી મળવામાં હરકત થઈ હોય તો, કનિષ્ટ ધારણ કરનારનું ગણોત ઘટશે.**

પરંતુ જે પાણી આપવાથી ધારણ કરનારની જમીનની કિંમત વધે તે પાણી કનિષ્ટ ધારણ કરનારને ખર્ચ ન પડતા બીજી રીતે સદરહુ જમીનને ફરી મળે તો, એ રીતે વધેલી કિંમતના પ્રમાણમાં ગણોત વધારવાનો હક વરિષ્ટ ધારણ કરનારને છે : **પાણીની પુનઃપ્રાપ્તિ થયેથી કનિષ્ટ ધારણ કરનારનું ગણોત વધશે.**

પરંતુ ગણોત ઓછું થયાની પહેલાં જે ગણોત કનિષ્ટ ધારણ કરનાર આપતો હોય તેના કરતાં, વધારેલું ગણોત કોઇપણ સંજોગોમાં વધુ હોવું ન જોઇએ, પણ ગણોત વરિષ્ટ ધારણ કરનારને અગાઉનું ગણોત વધારવાનો હક આ કલમમાંની જોગવાઇ કરતાં જુદી રીતે હશે તો ગણોત એ પ્રમાણે વધારી શકાશે

## [1][ભાગ ૬

## પિયાવા, સુધારા ચાર્જ અને સિંચાઈ વેરા]

### પિયાવાના દરો

**૪૪.** જમીનની સિંચાઇ અથવા બીજા કોઇ હેતુ માટે આપેલા નહેરના પાણી બદલ [2][[3][રાજ્ય] સરકાર] વખતો વખત ઠરાવે તે દરો નાંખી શકાશે. **નહેરનું પાણી આપવા બદલ વેરા નક્કી કરવા બાબત.**

---

૧. સન ૧૯૫૭ના મુંબઈ ૫૯મા અધિનિયમની કલમ ૩ થી "ભાગ છઠ્ઠો પિયાવા બાબત" એ અસલ શીર્ષકને બદલે આ દાખલ કર્યું છે.

૨. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લોઝ ઓર્ડર કાઉન્સિલથી "ગર્વનર ઈન કાઉન્સિલ" એ મજકૂરને બદલે "પ્રાંતિક સરકારને" એ મજકૂર દાખલ કર્યો છે

૩. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦થી "પ્રાંતિક" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

હાલ અપાતું પાણી વધારવામાં આવે ત્યારે જોગવાઈ.

જેને માટે [1][[2][રાજ્ય] સરકારને] આજ સુધી મહેસૂલ આપવામાં આવ્યું ન હોય, અથવા ઠરાવેલ મહેસૂલ અપાતું હોય તે પાણીનો જથ્થો અથવા તે આપવાની મુદત નવી નહેર બાંધવાથી અથવા કોઈ ચાલુ નહેર સુધારવાથી અથવા વિસ્તારવાથી વધી હોય તો, માત્ર વધારે અપાતા પાણી, બદલ પિયાવો આ કલમ મુજબ લઈ શકાશે.

સદરહુ પિયાવો જે વ્યકિતની અરજી ઉપરથી પાણી આપ્યુ હશે તેણે અથવા એ રીતે આપેલા પાણીનો ઉપયોગ કરનારે આપવો પડશે.

## પ્રાસંગિક દરો

અનધિકૃત રીતે પાણીના ઉપયોગ કરનાર નક્કી થઈ શકતો ન હોય ત્યારે જવાબદારી.

૪૫. નીક વડે આપેલા પાણીનો અનધિકૃત રીતે કર્યો હોય તો, અને જે વ્યકિતના કૃત્યથી અથવા ગફલતથી સદરહુ પ્રમાણે ઉપયોગ થયો હશે તે ચોક્કસ, વ્યકિત છે એમ ઠરાવી શકાતું ન હોય તો, જો તે જમીનના તેથી ફાયદો થયો હોય તો જે, વ્યકિતની કે વ્યકિતઓની જમીન ઉપર સદરહુ પ્રમાણે પાણી વધી વહ્યું હશે તે અથવા તે બધા

અથવા તેથી કોઈ જમીનને ફાયદો થયો ન હોય તો, તેવી નીકમાંથી આપેલાં પાણી માટે પિયાવાને થતી વ્યકિત અથવા બધી વ્યકિતઓ, કલમ ૭૦ મુજબ [3][[4][રાજ્ય] સરકારે] ઠરાવેલા નિયમ પ્રમાણે તેવા ઉપયોગ બદલ ઠરાવવામાં આવે તે પિયાવાની રકમ ભરી આપનારને જવાબદાર અથવા સંયુકત રીતે જવાબદાર બનશે.

પાણી નકામું વહી જાય ત્યારે જવાબદારી.

૪૬. નીકમાંથી આપેલું પાણી નકામું વહેવા દે તો અને જેના કૃત્યથી અથવા ગફલતથી પાણી નકામું વહી ગયુ હોય તે વ્યકિત જો તપાસ પછી મળતી ન હોય તો,—

એ નીક વડે આપેલા પાણી બાબત પિયાવાની રકમ જવાબદાર વ્યકિત અથવા વ્યકિતઓ એ રીતે નકામા ગયેલા પાણી બાબત કલમ ૭૦ મુજબ [3][[4][રાજ્ય] સરકારે] ઠરાવેલા નિયમ પ્રમાણે ઠરાવવામાં આવશે તે પિયાવાની રકમ ભરવા માટે જવાબદાર થશે અથવા સંયુકત રીતે જવાબદાર થશે.

---

૧. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લોઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી "સરકારને" એ મજકૂર ને બદલે "પ્રાંતિક સરકારને" એ મજકૂર દાખલ કર્યો છે.

૨. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦થી "પ્રાંતિક" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૩. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લોઝ ઈન કાઉન્સિલથી "ગવર્નર ઈન કાઉન્સિલે" એ મજકૂરને બદલે "પ્રાંતિક સરકારે" એ મજકૂર દાખલ કર્યો છે.

૪. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦થી "પ્રાંતિક" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

આ અને પૂર્વવર્તી છેલ્લી કલમથી ઊભા થતા પ્રશ્નોનો નિકાલ કલમ ૬૭ ની જોગવાઈઓને અધીન રહીને આ અર્થે વિધિસર સત્તા ધરાવતા નહેર અધિકારી કરશે.

૪૭. પાણીના અનધિકૃત ઉપયોગ બદલ અથવા પાણી નકામું વહેવા દેવા બદલ સઘળા ચાર્જ, એવા ઉપયોગથી અથવા નકામું વહ્યાથી આપવાના થતા દંડ સાથે પિયાવા તરીકે વસૂલ કરી શકાશે. દંડ સાથે ચાર્જ વસુલ કરી શકાશે.

## અંતઃસ્રવણ અને ચુવાણ દરો

૪૮. કોઈ નહેરથી બસો વારની અંદરની વાવેતર કરેલી કોઈ જમીનને નહેરમાંથી પાણીના અંતઃસ્રવણથી અથવા ચુવાણથી સિંચાઈ માટે નહેરનું પાણી સીધી રીતે આપીને થાય તેટલો જ ફાયદો થાય છે, એવું આ કલમની જોગવાઈ અમલમાં લાવવા વિધિસર સત્તા આપેલા નહેર અધિકારીને લાગશે તો, પાણીના અંતઃસ્રવણથી જે જમીનને ફાયદો થતો હોય તે જમીન પિયાવાને પાત્ર છે.

અથવા વાવેતર કરેલી જમીન ગમે ત્યાં હોય, તેને કોઈ નહેરમાંથી અંતઃસ્રવણ થયેલું અથવા ચુવાણ થયેલું પાણી સપાટી ઉપરથી વહ્યાથી અથવા તેવી નહેરમાં પાણી લીધા પછી તે નહેરથી બસો વારની અંદર ખોદેલા કૂવાના સાધનથી મળે છે એવું લાગે તો,

તે રીતે વાવેતર કરેલી જમીનને તે પાણી સીધી રીતે આપવા બદલ જે પિયાવો સામાન્ય રીતે વસૂલ કરવામાં આવે છે તેનાથી વધારે ન હોય એટલો પિયાવો તેવી જમીન ઉપર વસૂલ કરવાની તે નહેર અધિકારીને સત્તા છે.

આ કલમ મુજબ જે જમીન ઉપર પિયાવાની રકમ ઠરાવી હોય તે જમીન આ અધિનિયમના હેતુ સારૂ નહેરથી સિંચાઈ કરેલી જમીન છે એમ સમજવું.

[૧][૪૮-ક. (૧) કોઈ નહેરથી બસો વારની અંદરના કોઈ કુદરતી ઝરા, કૃત્રિમ ડ્રેન અથવા ખોદેલા કુવામાં તેવી નહેરમાંથી પાણી સ્રવે છે અને તેવા ઝરા, ડ્રેન અથવા કૂવાનું પાણી સિંચાઈ સિવાયના બીજા હેતુ માટે વાપરવામાં આવે છે એવું આ કલમની જોગવાઈઓને અમલમાં આણવાને વિધિસર અધિકૃત કરેલા નહેર અધિકારીને લાગે, ત્યારે તેવા હેતુ માટે તે નહેરમાંથી પાણી આપ્યું હોય તો, તે બદલ સામાન્ય રીતે જે પિયાવો વસૂલ કરવામાં આવે, તેનાથી વધુ ન હોય એટલો પિયાવો તેવા પાણીના ઉપયોગ માટે તે વસૂલ કરી શકશે. સિંચાઈ સિવાયના હેતુઓ માટે અંતઃસ્રવણ થયેલા પાણીના ઉપયોગ માટે પિયાવો લેવા બાબત.

---

૧. સન ૧૯૫૧ ના મુંબઈના ૨૯મા અધિનિયમની કલમ ૪ થી કલમ ૪૮-ક દાખલ કરી છે.

(૨) પેટા-કલમ (૧)ની જોગવાઈઓ કોઈ ગામના રહેવાસીઓએ તેવા ઝરા, ટાંકા અથવા કૂવામાંથી ઘરગથ્થુ હેતુઓ માટે જ પૂરેપૂરા વાપરેલા પાણીને લાગુ પડશે નહિ.]

### [1][સુધારા ચાર્જ

ક્ષેત્ર હેઠળ આવતી સિંચાઈ કરી શકાય તેવી જમીનોની યોજના અને નહેર બાંધવા અથવા તેમાં સુધારો કરવા વગેરેને લગતા સુધારા-ચાર્જ.

૪૯. જ્યારે નવી નહેર બાંધવાનું અથવા ચાલુ નહેરમાં સુધારો કરવાનું અથવા તે વધારવાનું હાથ ધરવામાં આવે, ત્યારે રાજ્ય સરકારે આ અર્થે સત્તા આપેલા અધિકારીને તે નહેરના સિંચાઈના ક્ષેત્રમાં આવેલી જમીનો સંબંધી અને એવી જમીનો ઉપર નાંખવા જોગ સુધારા-ચાર્જ સંબંધી યોજના તૈયાર કરવા ફરમાવવું.

યોજના પ્રસિધ્ધ કરવા બાબત અને હિત ધરાવતા માલિકો અને વ્યકિતઓને નોટિસ આપવા બાબત.

૫૦. (૧) એવી રીતે તૈયાર કરવામાં આવેલી યોજના રાજપત્રમાં અને નિયમોથી ઠરાવેલી બીજી રીતે પ્રસિધ્ધ કરવી.

(૨) કલમ ૪૯ મુજબ સત્તા આપેલા અધિકારીએ નહેરના સિંચાઈના ક્ષેત્રમાં આવેલી જમીનોના માલિક હોવાનું અથવા તેમાં હિત ધરાવતી હોવાનું જણાવતી અથવા મનાતી વ્યકિતઓને એક નોટિસ પણ આપવી, અને તે નોટિસમાં જણાવેલા સમયે અને સ્થળે (એવો સમય નોટિસની તારીખથી એક મહિના કરતાં વહેલો હોવા જોઈએ) નીચેની બાબતોમાં તેમને જો કોઈ વાંધો હોય તો તે જણાવવા પોતાની સમક્ષ જાતે અથવા એજન્ટ દ્વારા હાજર થવા ફરમાવવું :—

(ક) નહેરના સિંચાઈના ક્ષેત્રમાં આવેલી જમીન તરીકે સદરહુ જમીનોનો યોજનામાં સમાવેશ કરવા બાબત, અને

(ખ) એવી જમીનો ઉપર સુધારા-ચાર્જ નાંખવા અને વસૂલ કરવા બાબત.

તપાસ અને ચુકાદો.

૫૧. કલમ ૫૦ મુજબ નક્કી કરેલી તારીખે અથવા જે તારીખ સુધી તપાસ મોકૂફ રાખવામાં આવી હોય તે તારીખે, સંબંધ ધરાવતા અધિકારીએ [2][જમીન મહેસૂલ અધિનિયમમાં] ઠરાવેલી રીતે વિધિસર તપાસ કર્યા પછી અને કલમ ૫૦ મુજબ નોટિસ દ્વારા ફરમાવ્યા પ્રમાણે વ્યકિતઓએ જો કંઈ વાંધા જણાવેલા

---

૧. સન ૧૯૫૦ ના મુંબઈના ૫૯મા અધિનિયમની કલમ ૪ થી આ શીર્ષક અને કલમ ૪૯ થી ૫૬-છ દાખલ કરી છે.

૨. સન ૧૯૬૨ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૭ થી "મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

હોય તો તે સાંભળ્યા પછી, ચૂકાદો આપવો, ચૂકાદામાં નીચેની બાબતો નિર્દિષ્ટ કરવી:—

(ક) નહેરના સિંચાઇના ક્ષેત્રમાં આવેલી જમીનો,

(ખ) નવી નહેર બાંધવાનું અથવા ચાલુ નહેરમાં સુધારો અથવા વધારો કરવાનું કામ પુરું થયેથી એવી જમીનોની કિંમતમાં થનારો વધારો,

(ગ) સદરહુ જમીનોમાંથી દરેક જમીન ઉપર નાખી શકાય તેવા સુધારા ચાર્જની રકમ,

(ઘ) જે તારીખથી સુધારા-ચાર્જ નાખી શકાય તે તારીખ:

પરંતુ કોઇપણ ખરાબાની જમીન માટે કોઇ સુધારા ચાર્જ નાખી શકાશે નહિ.

**કિંમતનો વધારો અને સુધારા-ચાર્જ.**

**પર.** નવી નહેર બાંધવાનું અથવા ચાલુ નહેરમાં સુધારો અથવા વધારો કરવાનુ કામ પૂરું થવાને કારણે થનાર કિંમતનો વધારો, એટલે તે કામ પૂરું થયાની તારીખે જમીનની જે કિંમત ગણાય તે કિંમત તે બાંધવાની તારીખે જમીનની જે કિંમત હોય તે કરતાં જેટલી વધારે હોવાનો સંભવ હોય, તેટલી રકમ સમજવી અને સુધારા-ચાર્જ કિંમતના એવા વધારાથી અર્ધો રહેશે.

**સ્પષ્ટીકરણ.**—આ કલમના હેતુઓ માટે રાજ્ય સરકારે રાજ પત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને—

(ક) નહેર બાંધવાના અથવા તેમાં સુધારો કરવાના અથવા તેને વધારવા માટે કોઇ બાંધકામ શરૂ કરવાની તારીખને બાંધવાની તારીખે તરીકે નિર્દિષ્ટ કરવી ;

(ખ) નહેર બાંધવાનું, તેમાં સુધારો કરવાનું અથવા તેને વધારવાનું કામ પૂરું થવાની તારીખને, કામ પૂરું થયાની તારીખ તરીકે નિર્દિષ્ટ કરવી.

**કલેકટરને અપીલ કરવા કરવા બાબત.**

**પ૩.** (૧) ચૂકાદાથી નારાજ થયેલ વ્યકિત ચૂકાદાની તારીખથી સાઠ દિવસની અંદર કલેકટરને અપીલ કરી શકશે.

(૨) [1][જમીન મહેસૂલ અધિનિયમ] પ્રકરણ ૧૩માંની જોગવાઇઓ જાણે કે કલમ ૪૯ મુજબ સત્તા આપેલા અધિકારી મહેસૂલી અધિકારી હોય અને કલેકટર તેનો તુરતના ચઢિયાતા દરજ્જાના અધિકારી હોય તેમ, એવી અપીલને લાગુ પડશે.

**રાજ્ય સરકારે ફેરતપાસ કરવા બાબત.**

**પ૪.** કલમ પ૧ મુજબના તપાસના અને કલમ પ૩ મુજબની અપીલની કાર્યવાહીના કાયદેસરપણાં અથવા નિયમસરપણાની પોતે ખાતરી કરવા સારૂ રાજ્ય સરકાર, એવી તપાસનું અથવા કાર્યવાહીનું દફતર મંગાવી અને તપાસી શકશે અને કલેકટરના ચૂકાદાના અથવા નિર્ણયમાં ફેરફાર કરી શકશે અથવા તે ઊલટાવી નાંખી શકશે.

---

૧. સન ૧૯૬૨ના ગુજરાતના ૧૭ા અધિનિયમની કલમ ૭થી "જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

**રાજ્ય સરકારના હુકમો કલેક્ટરનો નિર્ણય અને ચુકાદો આખરી ગણાશે.**

૫૫. કલમ ૫૪ મુજબ ફેર તપાસમાં રાજ્ય સરકારે કરેલો કોઇ હુકમ અને એ હુકમને આધીન રહીને, કલમ ૫૩ મુજબની અપીલમાં કલેક્ટરે કરેલો નિર્ણય અને રાજ્ય સરકારના હુકમને તથા અપીલમાં કલેક્ટરે કરેલા નિર્ણયને આધીન રહીને, કલમ ૫૧ મુજબ આપવામાં આવેલો ચૂકાદો આખરી ગણાશે.

**જમીન મહેસૂલ પછી સુધારા ચાર્જ જમીન ઉપરનો પ્રથમ બોજો ગણાશે.**

૫૬. સુધારા-ચાર્જ નાંખવાની તારીખ તરીકે દર્શાવેલી તારીખથી, અથવા કલમ ૫૩ મુજબની અપીલમાં કલેક્ટર અથવા કલમ ૫૪ મુજબની ફેર તપાસમાં રાજ્ય સરકાર ચાર્જ નાંખવાની તારીખ તરીકે બીજી રીતે દર્શાવે તે તારીખથી કોઇ જમીન માટે વસૂલ કરવા જોગ સુધારા ચાર્જ, રાજ્ય સરકારનું કોઇ જમીન મહેસૂલ લેણું હોય તો પ્રથમ તે આપવાને આધીન રહીને, જે જમીન માટે એ સુધારા ચાર્જ નાખી શકાત તેની ઉપરનો પ્રથમ બોજો ગણાશે.

**સુધારા-ચાર્જ આપવા બાબત.**

૫૬ ક. સુધારા-ચાર્જ કલમ ૭૦ મુજબ રાજ્ય સરકારે કરેલા નિયમો મુજબ નક્કી કરવામાં આવેલી તારીખે આપવા જોગ થશે :

પરંતુ જેની ઉપર એવો સુધારા-ચાર્જ નાંખવામાં આવ્યો હોય તે જમીનનો માલિક, નિયમોથી ઠરાવવામાં આવે તે મુદતની અંદર અને તે દરે વ્યાજ સહિત વાર્ષિક હપ્તાથી એવા ચાર્જની રકમ આપવા સ્વીકારતું એક કબૂલાતનામું રાજ્ય સરકારની તરફેણમાં કરી આપી શકશે.

**સુધારા-ચાર્જ આપવાને બદલે જમીન છોડી દેવા અથવા અદલાબદલીમાં આપવા બાબત.**

૫૬ ખ. કલમ ૫૬-કમાં ગમે તે મજકૂર હોય તે છતાં, જેની ઉપર સુધારા-ચાર્જ આપવાજોગ થાય તે જમીનના માલિકને નિયમોથી ઠરાવવામાં આવે તે આખી જમીન અથવા તેનો કોઇ ભાગ રાજ્ય સરકારની તરફેણમાં છોડી દેવાની અથવા અદલાબદલીમાં આપવાની પરવાનગી રાજ્ય સરકાર આપી શકશે :

પરંતુ સદરહુ જમીન બોજામાંથી મુક્ત ન હોય તો એ રીતે છોડી દેવાની અથવા અદલાબદલીની પરવાનગી આપી શકાશે નહિ.

[1] | * * * * * * * |

---

૧. સન ૧૯૮૨ના ગુજરાતના ૨૪ અધિનિયમની કલમ ૨થી "સિંચાઇ વેરો" એ પેટા શિર્ષક અને તે હેઠળની કલમો ૫૬-ગ, ૫૬-ઘ, ૫૬-ચ અને ૫૬-છ કમી કરી છે.

## પિયાવાનાં અને બીજા બાકી લેણાંની વસૂલાત

**પિયાવો તથા બીજાં લેણાં ભરવાં અને વસૂલ કરવા બાબત.**

૧ [૫૭. (૧) આ અધિનિયમ મુજબ લેવાનો અથવા ચાર્જ કરવામાં આવેલો દરેક પિયાવો ૨ [રાજ્ય સરકારના] ૩ [ × × × × ] હુકમો મુજબ વખતોવખત ઠરાવવામાં આવે તે હપ્તાથી, તે તારીખે અને તે અધિકારીને આપવાનો થશે.

ન ૮૭૯ ા ુંબ- નો મો.

(૨) તેવો કોઈ પિયાવો અથવા તેનો હપ્તો આપવાનો થતો હોય તે તારીખે અપાયો ન હોય, તો જે જમીનના વપરાશ માટે નહેરનું પાણી પૂરૂ પાડવામાં આવ્યું હોય અથવા જેને કોઈપણ નહેરમાંથી પાણીના અંતઃસ્રવણથી અથવા ચુવાણથી ફાયદો થયો હોય તે જમીનને ખાતે લેણી થતી જમીન મહેસૂલની બાકી તરીકે ગણવામાં આવશે અને ૪ [જમીન મહેસૂલ અધિનિયમની] કલમ ૧૫૦માં નિર્દિષ્ટ કરેલી રીતામાંથી કોઈપણ રીતે, તે જમીનની જપ્તી પણ કરીને તે વસૂલ કરી શકાશે.

૫[સુધારા ચાર્જ અથવા તેના કોઈ હપ્તાની રકમ, તેની ઉપરના વ્યાજ સાથે, કલમ ૫૬-કમાં નિર્દિષ્ટ કરેલી તારીખે ભરવામાં ન આવે ૬[* * * *] તો તેને જેને માટે તે ભરવાની હોય તે જમીન માટે લેવાના જમીન મહેસૂલની બાકી તરીકે ગણવી,

---

૧. સન ૧૯૪૮ના મુંબઈના ૬૪માં અધિનિયમની કલમ ૨થી કલમ ૫૭ દાખલ કરી છે.

૨. સન ૧૯૬૪ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૪ની અનુસૂચિથી "કમિશનરના" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૩. સન ૧૯૫૦ના મુંબઈના ૨૮મા અધિનિયમની અનુસૂચિથી "અથવા આ અર્થે પ્રાંતિક સરકારે જે કમિશનરને અધિકાર આપેલો હોય એવો કોઈપણ કમિશનરના" એ મજકૂર રદ કર્યો છે.

૪ સન ૧૯૬૨ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૭થી "મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૫. સન ૧૯૫૦ના મુંબઈના ૫૯મા અધિનિયમની કલમ ૫થી આ પેરેગ્રાફ દાખલ કર્યો છે.

૬. સન ૧૯૮૨ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૩થી " અને સિંચાઈ વેરાની રકમ કલમ ૫૬-છમાં નિર્દિષ્ટ કરેલી તારીખે ભરવામાં ન આવે " એ શબ્દો, આંકડા અને અક્ષર કમી કર્યા છે.

અને [1][જમીન મહેસૂલ અધિનિયમની] કલમ ૧૫૦માં જણાવેલી સદરહુ જમીન જપ્ત કરવા સહિત કોઈપણ રીતે તેવી બાકી તરીકે તે વસૂલ કરવા જોગ પાત્ર થશે.]

(૩) નીકનો ઉપયોગ કરવાનો જેને અધિકાર આપ્યો હોય તે વ્યક્તિએ તે નીકના માલિકને ભાડું આપવાનું હોય તે કલમ ૨૩ મુજબ કામ કરવાની વિધિસર સત્તા આપેલા નહેર અધિકારી ફરમાવે તેવા હપ્તાથી અને તે તારીખે આપવાનું થશે અને તે ભાડું આપવાને પાત્ર વ્યક્તિ પાસેથી ખરેખર જે ભાડું વસૂલ કરવામાં આવ્યું હોય તેનાથી વધારે ભાડું કોઈપણ વખતે તેના માલિકને આપવાનું થશે નહિ.

(૪)(ક) આ અધિનિયમના ભાગ૩ મુજબ [2][રાજ્ય] સરકાર અથવા બીજી કોઈ વ્યક્તિ તરફથી [2][રાજ્ય] સરકારને અથવા નહેર અધિકારીને આપવાની હોય એવી બીજી જે કોઈ રકમ માગ્યા છતાં આપી ન હોય તે, અને

(ખ) નીકના માલિકને આપવાનું ભાડું અથવા તે ભાડાનો હપ્તો જે તારીખે આપવાનો હોય તે તારીખે ન આપ્યો હોય તે, માલિક વતી,

[1][જમીન મહેસૂલ અધિનિયમની] જોગવાઈઓ અનુસાર જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવાજોગ થશે.

## ભાગ ૭

## તાકીદને પ્રસંગે નહેરો માટે મજૂરો મેળવવા બાબત

**ઘણાં જરૂરના કામ અથવા સમારકામ માટે મજૂરો મેળવવાની** સત્તા.

૫૮. આ કલમ મુજબ કામ કરવા વિધિસર સત્તા આપેલા નહેર અધિકારીને લાગે કે કોઈ કામ અથવા સમારકામ તરતજ કરવામાં ન આવે તો અણધાર્યું અને વિસ્તૃત જાહેર નુકસાન જન્માવે તેવું ગંભીર નુકસાન કોઈ નહેરને પહોંચે તેમ છે,

---

૧. સન ૧૯૬૨ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૭થી "મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૨. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦થી "પ્રાંતિક" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

અથવા, જમીનની સિંચાઈનો સ્થાપિત ક્રમ જાળવી રાખવા નહેર સારૂ કરવાનું અથવા બીજું કંઈ કરવું જરૂરી હોય તે તરત કરવામાં ન આવે તો ગંભીર જાહેર ખોટ થાય તેમ છે,

અને એવું નુકસાન અથવા ખોટ નિવારવા, તેવું સમારકામ કરવા, અથવા સાફ કરવા અથવા કામ કરવા માટે આપી શકાતી હોય તેટલી જ મુદતમાં તે યોગ્ય રીતે કરવા જરૂરી સંખ્યામાં મજૂરો સામાન્ય રીતે મળી શકતા ન હોય, ત્યારે,

તેવું સમારકામ કરવા, સાફ કરવા અથવા કામ કરવા સારૂ આ કલમની જોગવાઈઓ અમલમાં આણવી એવું સદરહુ અધિકારી પોતાની સહીથી હુકમ કરીને ફરમાવી શકશે; અને તેમ થયે જે જગાએ તેવું સમારકામ કરવાનું હોય સાફ કરવાનું કે કામ કરવાનું હોય તે જગાની આસપાસમાં જે સશકત વ્યકિત રહેતી હોય અથવા જમીન ધરાવતી હોય, અને જેનું નામ આ અધિનિયમમાં હવે પછીની યાદીમાં હોય, તે વ્યકિત તેવું સમારકામ કરવામાં, સાફ કરવામાં અથવા કામ કરવામાં તે અધિકારી અથવા તેણે આ અર્થે જેને અધિકૃત કરેલ હોય તે વ્યકિત મદદ કરવાનું કહે, તો તે કહે તેવી મહેનત કરીને મદદ કરવાને તે વ્યકિત બંધાયેલી છે.

એ પ્રમાણે મહેનત કરનારી સઘળી વ્યકિતઓને તેવા જ કામ માટે પડોશમાં જે અધિકતમ દરે મજૂરી અપાતી હશે તેનાથી ઓછી નહીં એવા દરે મજૂરી મળવાનો હક છે.

**મજૂરોની યાદી.**

૫૯. એ પ્રમાણે જેને મદદ કરવા ફરમાવી શકાય તેવી વ્યકિતઓની એક યાદી કલમ ૭૦ મુજબ આ અર્થે વખતો વખત જે નિયમ કરવામાં આવે તેને આધીન રહીને કલેકટરે કરવી જોઈએ. અને તે યાદીમાં અથવા તેના કોઈપણ ભાગમાં વખતો વખત બીજા નામો તે ઉમેરી શકશે અથવા તેમાં ફેરફાર કરી શકશે.

**નહેર અધિકારીએ કરવાનો રિપોર્ટ.**

૬૦. કલમ ૫૮ મુજબ કરેલ બધા હુકમોની જાણ, [1][કલેકટરને અને તેજ રીતે] [2][[3]રાજ્ય] સરકારની] જાણ સારૂ સિંચાઈના મુખ્ય ઈજનેરને, કરવી જોઈએ.

---

૧. સન ૧૯૬૪ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૪ની અનુસૂચિથી "વિભાગના કમિશનરની જાણ માટે કલેકટરને અને તેજ રીતે" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૨. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લોઝ ઓર્ડર ઇન કાઉન્સિલથી "સરકારની" એ મજકૂરને બદલે "પ્રાંતિક સરકારની" એ મજકૂર દાખલ કર્યો છે.

૩. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી "પ્રાંતિક" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

## ભાગ ૮

### શિક્ષા બાબત

નહેરને નુકસાન કરવા વગેરે બદલ.

૬૧. જે કોઈ વ્યકિત મનસ્વી રીતે અને યોગ્ય અધિકાર વગર—

(૧) કોઈ નહેરને નુકસાન પહોંચાડે તેમાં ફેરફાર કરે તેને વિસ્તૃત કરે અથવા તેમાં અવરોધ મૂકે ;

(૨) કોઈ નહેરમાંના પાણીને આવતા અવરોધે કે વધારે કે ઘટાડી નાખે અથવા નહેરમાંથી નહેરમાં થઈને કે નહેરની ઉપર કે નીચેથી વહેતાં પાણીને અવરોધે કે વધારે અથવા ઘટાડે અથવા કોઈ નહેરમાંના પાણીની સપાટી કોઈપણ રીતે ઊંચી અથવા નીચી લઈ જાય ;

(૩) કોઈ નહેરનું પાણી સામાન્ય રીતે જેને માટે તેનો ઉપયોગ થતો હોય તે હેતુઓ માટે તે ઓછું અનુકૂળ બને એ રીતે બગાડી મૂકે અથવા ખરાબ કરે ;

(૪) રાજ્ય સેવકના હુકમથી ગોઠવેલ કોઈ જમીનનું અથવા સપાટીનું નિશાન અથવા પાણી માપવાના યંત્ર ( વોટર ગેજ ) તોડી નાંખે, ભૂંસી નાખે કે ખસેડે;

(૫) કોઈ નહેરના પાણીના પ્રવાહનુ નિયંત્રણ કરતા અથવા ચલાવતા અથવા તેને માપતા કોઈ સાધન અથવા સાધનનો ભાગ તોડી નાંખે અથવા તેની સાથે ચેડાં કરે અથવા તે દૂર કરે;

(૬) કલમ ૭૦ મુજબ કરેલા નિયમો વિરૂદ્ધ નહેરના કોઈ કામ, કિનારા અથવા કાંસમાં અથવા તેની ઉપર થઈને, ના પાડયા છતા પણ તે પેલી તરફ લઈ જાય, અથવા જાનવર કે વાહનો પસાર કરાવે ;

(૭) કોઈ નહેર ઉપર અથવા પૂર-બંધ ઉપર જાણીબૂજીને તથા મનસ્વીપણે ઢોરને ચરવા દે, અથવા એવી કોઈ નહેર ઉપર અથવા બંધ ઉપર ઢોરને દોરીથી બાંધી રાખે, અથવા જાણીબુજીને તથા મનસ્વીપણે તેમને બંધાવી રાખે અથવા એવી નહેર ઉપર અથવા બંધ પર ઉગતુ ઘાસ કે, બીજો ઝાડપાલો ઉખેડી નાખે અથવા એ નહેર અથવા બંધના રક્ષણ માટેના કોઈ ઝાડ, ઝાડી, ઘાસ અથવા વાડ કાઢી અથવા કાપી નાખે અથવા કોઈપણ રીતે તેને નુકશાન કરે અથવા કઢાવી અથવા કપાવી નાંખે અથવા બીજી રીતે નુકશાન પહોંચાડે;

(૮) કોઈ સમારકામ, સફાઈ કે કામમાં મદદ કરવા અથવા ચાલુ રાખવા કલમ ૫૮ મુજબ કાયદેસર બંધાયેલા હોવા છતાં, વાજબી કારણ સિવાય તેમ કરવામાં બેદરકાર રહે;

(૯) કલમ ૭૦ નીચે ઘડાયેલ અને જેનો ભંગ શિક્ષાપાત્ર થશે એમ એ નિયમોમાં [1][ [2][રાજ્ય] સરકારે ] ફરમાવવું પડે તેવા નિયમનો ભંગ કરે;

તેમજ જે કોઈ વ્યક્તિ—

(૧૦) કોઈ નીકની સંભાળ માટે જવાબદાર હોવા છતાં અથવા કોઈ નીકના ઉપયોગ કરવા છતાં તેમાંથી પાણી નકામુ વહી ન જવા દેવા માટે યોગ્ય સાવચેતી ન લે અથવા તેના પાણીની અધિકૃત વહેંચણીમાં દખલ કરે, અથવા તે પાણી અનધિકૃત રીતે વાપરે, અથવા જેને તે કલમ ૨૩ મુજબ નીક વાપરવાનો અધિકાર આપ્યો હોય અથવા તેનો સંયુકત માલિક ઠરાવાયો હોય તે વ્યકિતને તે નીકનો કાયદેસર ઉપયોગ કરતો અટકાવે અથવા તેમાં દખલ કરે;

**સન ૧૮૬૦ નો ૪૫મો.** તે વ્યકિતને આવું કામ ભારતીય ફોજદારી અધિનિયમના અર્થમાં બગાડ કરવાનો ગુનો થતો ન હોય તો મેજિસ્ટ્રેટ સમક્ષ ગુનો સાબિત થયે એવા દરેક ગુના માટે વધુમાં વધુ પચાસ રૂપિયા સુધીના દંડ અથવા વધુમાં વધુ એક મહિના સુધીની [3] × × × કેદની અથવા એ બન્નેની સજા થશે.

**નહેરની મજબૂતી જોખમાવવા વગેરે બદલ.**

૬૨. જે કોઈ વ્યકિત, યોગ્ય અધિકાર સિવાય—

(૧) કોઈ નહેરને કાણું પાડે અથવા વચ્ચેથી કાપે અથવા તેમાં કાણું પાડવાનો અથવા તેને વચ્ચેથી કાપવાનો અથવા તેને નુકસાન પહોંચાડવાનો, તેનો નાશ કરવાનો અથવા તેની મજબુતીને બીજી રીતે જોખમાવવાનો પ્રયત્ન કરે;

(૨) કોઈ નહેરમાંનું કોઈ પાણી-બારૂ ઉઘાડે, બંધ કરે અથવા તેમાં અવરોધ મૂકે અથવા તે ઉઘાડવાનો, બંધ કરવાનો અથવા તેમાં અવરોધ મૂકવાનો પ્રયાસ કરે ;

---

૧. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લોઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી "ગવર્નર ઈન કાઉન્સિલ" એ મજકૂરને બદલે "પ્રાંતિક સરકાર" એ મજકૂર દાખલ કર્યો છે.

૨. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી "પ્રાંતિક" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૩. મુંબઈ સામાન્ય કલમ અધિનિયમ, ૧૮૮૬ (સન ૧૮૮૬ ના મુંબઈના ૧લા) ની અનુસૂચિ બ થી "સદરહુ કાયદાના અર્થ પ્રમાણે બે પ્રકારમાંથી કોઈ એક પ્રકારની" એ મજકૂર કાઢી નાખ્યો છે. આ અનુસૂચિ, મુંબઈ સામાન્ય કલમ અધિનિયમ, ૧૯૦૪ (સન ૧૯૦૪ના મુંબઈના ૧લા) ની અનુસૂચિ તરીકે છાપવામાં આવી છે.

(૩) જે નદીના અથવા નહેરના કિનારા ઉપર પૂર-બંધ હોય તેનો પ્રવાહ વાળવા કે વારવા કોઈ બંધ કે અવરોધ કરે, અથવા એવા કોઈ બંધ કે અવરોધ કાઢી નાખવા કાયદેસર ફરમાવ્યું હોય ત્યારે તે તેમ કરવાની ના પાડે અથવા તેમાં બેદરકારી બતાવે ;

તે વ્યકિતને એવું કામ ભારતીય ફોજદારી અધિનિયમના અર્થમાં બગાડ કરવાના ગુના થતા ન હોય તો, પહેલા અથવા બીજા વર્ગના મેજિસ્ટ્રેટની સમક્ષ ગુનો સાબિત થયે એવા દરેક ગુના માટે વધુમાં વધુ બસો રૂપિયા સુધીના દંડની અથવા વધુમાં વધુ છ મહિનાની મુદત સુધીની [1] × × × કેદની અથવા એ બન્ને સજા થશે.

**અવરોધ કાઢી નાખવો અને નુકસાન સમારી આપવું.** ૬૩. ઉપરની છેલ્લી બે કલમમાંથી કોઈ કલમ મુજબ કોઈ વ્યકિત પર ગુનો સાબિત થાય ત્યારે જે અવરોધ અથવા નુકસાનને લીધે તેનો ગુનો સાબિત થયો હોય તે હુકમમાં ઠરાવેલી મુદતની અંદર તે વ્યકિતએ કાઢી નાખવાનો અથવા તે નુકસાન સમારી આપવાનો હુકમ કરવાનો અધિકાર ગુનો સાબિત કરનાર મેજિસ્ટ્રેટને છે એ પ્રમાણે ઠરાવેલી મુદતની અંદર એવા હુકમનું પાલન કરવામાં એ વ્યકિત બેદરકાર રહે અથવા ના પાડે તો એ અવરોધ કાઢી નાંખવાનો અથવા નુકસાન સમરાવી લેવાનો અધિકાર, વિધિસર સત્તા ધરાવતા નહેર અધિકારીને છે અને એ રીતે કાઢી નાંખવાનો અથવા સમરાવી આપવાનો ખર્ચ તે અધિકારીએ આપેલ પ્રમાણપત્ર પ્રમાણે સદરહુ વ્યકિત પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે કલેકટર વસૂલ કરી શકશે.

**નહેર પર રાખેલી વ્યકિતઓ ગુનેગારને અટકમાં લઈ શકશે.** ૬૪. નહેર જે વ્યકિતના હવાલામાં હોય અથવા જેની નોકરી નહેર પર હોય તેઓ તેમના દેખતા નીચે લખેલ ગુનામાંથી કોઈ ગુનો કરનારને નહેરને લગતી જમીન અથવા ઈમારતમાંથી કાઢી મૂકવાનો અથવા વગર વોરંટે અટકમાં લેવાનો અને કાયદા પ્રમાણે તેની તપાસ કરવા તાત્કાલિક મેજિસ્ટ્રેટ સમક્ષ અથવા નજીકમાં નજીકના પોલીસ સ્ટેશનમાં લઈ જઈ શકશે -

(૧) કોઈ નહેરને જાણી જોઈને નુકસાન પહોંચાડવું કે તેમાં અવરોધ મૂકવો કે તેનું પાણી બગાડવું, અથવા

---

૧. મુંબઈ સામાન્ય કલમ અધિનિયમ, ૧૮૮૬ (સન ૧૮૮૬ ના મુંબઈના ૩જા) ની અનુસૂચિ બ થી "સદરહુ કાયદાના અર્થ પ્રમાણે બે પ્રકારમાંથી કોઈપણ એક પ્રકારની" એ મજકૂર કાઢી નાખ્યો છે. આ અનુસૂચિ મુંબઈ સામાન્ય કલમ અધિનિયમ, ૧૯૦૪ (સન ૧૯૦૪ ના મુંબઈના ૧લા) ની અનુસૂચિ તરીકે છાપવામાં આવી છે.

(૨) યોગ્ય અધિકાર સિવાય કોઈ નહેર જોખમમાં મૂકાય, તેને નુકસાન થાય, તે હાનિકારક થઈ પડે અથવા ઓછી ઉપયોગી થઈ પડે એ રીતે કોઈ નહેર કે નદી કે ઝરામાં આવતાં અથવા તેમાંથી બહાર જતા પાણીના પ્રવાહમાં દખલ પહોંચાડવી.

**બીજા કાયદા મુજબ કામ ચલાવવાનું અબાધિત રહે છે.**

૬૫. આ અધિનિયમથી શિક્ષાપાત્ર ઠરતા કોઈ કૃત્ય અથવા કસૂર માટે કોઈ વ્યક્તિ પર બીજા કોઈ કાયદા મુજબ કામ ચલાવવાને આ અધિનિયમના કોઈપણ મજકૂરથી બાધ આવતો નથી:

પરંતુ એક કૃત્ય અથવા કસૂર માટે કોઈ વ્યક્તિને બે વાર સજા થઈ શકશે નહિ.

**બાતમી આપનારને દંડની રકમ બક્ષિસ તરીકે આપવી.**

૬૬. જ્યારે આ અધિનિયમ નીચેના કોઈ ગુનાને માટે કોઈ વ્યક્તિને દંડ કરવામાં આવે, ત્યારે તે ગુનાનો પત્તો લાગે એવી, અથવા ગુનેગારનો ગુનો સાબિત થાય એવી બાતમી આપનાર વ્યક્તિને બક્ષિસ તરીકે સઘળો દંડ અથવા તેનો કોઈ ભાગ આપવાનો હુકમ કરવાનો અધિકાર તેવા દંડની સજા કરનાર અથવા દંડની શિક્ષા અથવા તે દંડ જેનો ભાગ હોય તેવો શિક્ષાનો ઠરાવ અપીલમાં અથવા ફેર તપાસમાં બહાલ રાખનાર કોર્ટને છે.

જેનો નિર્ણય અપીલ અથવા ફેરતપાસને અધીન હોય, તેવી કોર્ટે, દંડ બક્ષિસ તરીકે અપાવ્યો હોય, તો તે રકમ અપીલ માટે ઠરાવેલી મુદત પૂરી થાય ત્યાં સુધી અથવા અપીલ કરી હોય તો અપીલનો નિર્ણય થાય ત્યાં સુધી આપી દેવી નહિ.

## ભાગ ૯

## પ્રકીર્ણ

**આ અધિનિયમ મુજબ કરેલા હુકમો સામે અપીલો.**

૬૭. કલમ ૧૩, ૧૮ [1][૨૦-ક, ૨૦-ખ], ૨૫-૩૦, ૪૫, ૪૬, [2][૪૮ અને ૪૮-ક] મુજબ નહેર અધિકારીએ કરેલા દરેક હુકમ સામે કલેકટરને અપીલ થઈ શકશે:

પરંતુ તે અપીલ જે હુકમની સામે હોય તે હુકમ જે તારીખે અપીલ કરનારને જણાવ્યો હોય તે તારીખથી ત્રીસ દિવસની અંદર કરવી જોઈએ.

---

૧. સન ૧૯૬૩ના ગુજરાતના છઠ્ઠા અધિનિયમની કલમ ૪થી આ મજકૂર દાખલ કર્યો છે.

૨. સન ૧૯૫૧ના મુંબઈના ૨૯મા અધિનિયમની કલમ ૫ થી "તથા ૪૮" એ મજકૂરને બદલે "૪૮ અને ૪૮-ક" એ મજકૂર દાખલ કર્યો છે.

આ અધિનિયમ મુજબ કલેક્ટરના સઘળા હુકમો અને કાર્યવાહી [1][રાજ્ય સરકાર][2] × × × × ×ની દેખરેખ તથા નિયંત્રણને આધીન રહેશે.

**સાક્ષીઓને બોલાવવાની અને તેઓની જુબાની લેવાની સત્તા.** ૬૮. કોઈ તપાસ ચલાવવાની જેને આ અધિનિયમ મુજબ સત્તા આપી હોય તે અધિકારી, સાક્ષીઓને બોલાવવા અને તેઓની જુબાની લેવા સંબંધી અને દસ્તાવેજ રજૂ કરવા સંબંધી દીવાની કાર્યરીતિ અધિનિયમથી દીવાની કોર્ટને આપી છે તે સઘળી સત્તા વાપરી શકશે અને એવી દરેક તપાસ ન્યાયિક કાર્યવાહી છે, એમ ગણાશે.

**નોટિસ બજાવવી.** ૬૯. આ અધિનિયમ મુજબની નોટિસ તેમાં જે અધિકારીનું નામ લખ્યું હોય તેની સહી કરેલી તેની નકલ પહોંચાડીને કે આપીને બજાવવી. વ્યવહાર્ય હોય ત્યાં સુધી તે નોટિસમાં જે વ્યકિતનું નામ લખ્યું હોય તેની ઉપર બજાવવી જોઈએ. તે વ્યકિત મળે નહિ તો તેની સાથે રહેતા તેના કુટુંબના પુખ્ત વયના કોઈ પુરૂષની ઉપર બજાવવી અને એવો પુખ્ત વયનો પુરૂષ મળતો ન હોય, તો તે નોટિસમાં જેનું નામ લખ્યું હોય તે વ્યકિત જે ઘરમાં ઘણું કરી રહેતી હોય અથવા કામ કરતી હોય તે ઘરની બહારના દરવાજા ઉપર તેની કલમ ચોંટાડીને તે બજાવવી; અને જિલ્લામાં એવી વ્યકિતનું સામાન્ય નિવાસસ્થળ ન હોય, તો નોટિસ બજાવવા માટે તે વ્યકિતને તેના સામાન્ય નિવાસસ્થળના સરનામે રજિસ્ટર્ડ ટપાલથી તે મોકલવી.

**નિયમો ઘડવાની તેમાં ફેરફાર કરવાની તથા તે રદ કરવાની સત્તા.** ૭૦. [3][(૧)] નીચેની બાબતો માટે, આ અધિનિયમથી અસંગત ન હોય તેવા નિયમો વખતો વખત [4][[5][રાજ્ય] સરકાર] ઘડી શકશે:

(ક) કોઈ બાબતમાં આ અધિનિયમમાંની કોઈ જોગવાઈ પ્રમાણે કામ ચલાવવાનું જેને માથે આવતું હોય અથવા કામ ચલાવવાની સત્તા મળતી હોય તે અધિકારીની કાર્યવાહી;

---

૧. સન ૧૯૬૪ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૪ની અનુસૂચિથી "કમિશનર" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૨. મુંબઈ સામાન્ય કલમ અધિનિયમ, ૧૮૮૬ (સન ૧૮૮૬ના મુંબઈના ૩જા) ની અનુસૂચિ બ થી "તે વિભાગના" એ મજકૂર કાઢી નાખ્યો છે. આ અનુસૂચિ, મુંબઈ સામાન્ય કલમ અધિનિયમ, ૧૯૦૪ (સન ૧૯૦૪ના મુંબઈના ૧લા) ની અનુસૂચિ તરીકે છાપવામાં આવી છે.

૩. સન ૧૯૬૨ ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૯ થી કલમ ૭૦ને પેટા-કલમ (૧) તરીકે નંબર આપ્યો છે.

૪. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લોઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી "ગવર્નર ઈન કાઉન્સિલને" એ મજકૂરને બદલે "પ્રાંતિક સરકારને" એ મજકૂર દાખલ કર્યો છે.

૫. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી "પ્રાંતિક" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

(ખ) આ અધિનિયમની કોઈ જોગવાઈ મુજબ કરેલા તથા જે બાબત અપીલ સંબંધી સ્પષ્ટ જોગવાઈ કરી ન હોય તે હુકમ તથા નિર્ણય ઉપર જે પ્રસંગે, જે અધિકારીઓ પાસે તથા જે શરતે અપીલ કરી શકાય તે પ્રસંગો, અધિકારીઓ અને શરતો;

(ગ) જે કરવા માટે અધિનિયમમાં જોગવાઈ કરી હોય તે કાર્ય જે વ્યકિતઓ, જે સમયે, જે જગ્યાએ અથવા જે રીતે કરવું તે વ્યકિત, સમય જગા અથવા રીત;

[1][(ગક) કલમ ૧૫-ક મુજબ નીક બાંધવાની રીત;

[2][(ગખ) કલમ ૨૦-ક હેઠળ યોજનાના મુસદ્દામાં નિર્દિષ્ટ કરવાની બીજી વિગતો અને તે પ્રસિધ્ધ કરવાની રીત];

[3][(ગગ) કલમ ૨૦-ક હેઠળ છેવટની યોજના પ્રસિદ્ધ કરવાની રીત અને જમીનના દરેક ધારણ કરનારને આપવાની નોટિસની રીત તથા નમૂનો];

(ગઘ) કલમ ૨૦-ગ મુજબનો નોટિસનો નમૂનો અને આવી નોટિસ આપવાની રીત;

(ગચ) કલમ ૨૦-ચ મુજબના પ્રમાણપત્રનો નમૂનો;

(ગછ) કલમ ૨૦-છ મુજબ ઊચક રકમ આપવા માટેની મુદત;]

(ઘ) આ અધિનિયમ મુજબ લેવાના ચાર્જની રકમ;

[4][(ઘક) કલમ ૨૫-કની પેટા-કલમ (૨) મુજબ સમારકામ કરવાનું ખર્ચ ગણવાની રીત];

[5][(ઘ-૧)] કલમ ૫૦ મુજબ યોજના પ્રસિધ્ધ કરવાની બીજી રીત;

(ઘ-૨) કલમ ૫૬-ક મુજબ સુધારા ચાર્જના હપ્તા ભરવાની તારીખ, તેના વ્યાજના દર અને તે ભરી આપવાની મુદત;

(ઘ-૩) સુધારા-ચાર્જ, તેના હપ્તા અને તે ઉપરના વ્યાજની મોકૂફી અથવ માફી;

---

૧. સન ૧૯૬૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૫ થી આ ખંડો (ગક) થી (ગછ) ઉમેર્યા છે.

૨. સન ૧૯૭૩ના ગુજરાતના ૨૭મા અધિનિયમની કલમ ૧૧ (૧) થી અસલ ખંડને બદલે આ ખંડ મૂકયો છે.

૩. એજનની કલમ ૧૧ (૨) થી અસલ ખંડને બદલે આ ખંડ મૂકયો છે.

૪. સન ૧૯૫૧ ના મુંબઈના ૨૯મા અધિનિયમની કલમ ૬થી આ ખંડ દાખલ કર્યો છે.

૫. સન ૧૯૫૦ ના મુંબઈના ૫૯મા અધિનિયમની કલમ ૬થી ખંડો (ઘ-૧) થી (ઘ-૫) દાખલ કર્યો છે.

(ઘ-૪) કલમ ૫૬-ખ મુજબ જમીન છોડી દેવાની અથવા તેની અદલાબદલી કરવાની છૂટ આપવા માટેની શરતો;

(ઘ-૫) નહેરના સિંચાઈના ક્ષેત્ર હેઠળની જમીનો ઉપર સુધારા-ચાર્જ નાખવા માટે તેવી જમીનની જુદા જુદા પ્રદેશમાં વહેંચણી;]

(ચ) અને આ અધિનિયમની જોગવાઈઓના સામાન્ય અમલ.

**નિયમોની પ્રસિધ્ધિ.** આ રીતે ઘડેલા નિયમોમાં [1][[2][રાજ્ય] સરકાર] વખતોવખત ફેરફાર કરી શકશે અથવા તે રદ કરી શકશે.

આવા નિયમો, ફેરફારો અને તે રદ કરતા હુકમો [3][ **સરકારી રાજપત્રમાં** ] પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે તેનો કાયદાની માફક અમલ થશે.

[4][(૨) આ કલમ મુજબ કરેલા સઘળા નિયમો, તે ઘડવામાં આવે તે પછી, બને તેમ જલદી ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજ્ય વિધાન મંડળના ગૃહ સમક્ષ મૂકવા અને જે બેઠકમાં તે એવી રીતે મૂકવામાં આવ્યા હોય તે અથવા તેની પછી તરત આવતી બેઠક દરમ્યાન રાજ્ય વિધાનમંડળ કરે તેવા ફેરફારોને તે અધીન રહેશે.

(૩) રાજ્ય વિધાનમંડળે કરેલો કોઈપણ ફેરફાર રાજપત્રમાં જાહેર કરવાનો રહેશે અને તેમ થયે, તે અમલમાં આવશે ].

**મ્યુનિસિપલ વોટર વર્કસ આમાંથી બાકાત.** **૭૧.** આ અધિનિયમમાંનો કોઈ મજકૂર નગરપાલિકાની નહેર, કાંસ, સરોવર, જળાશય અથવા બીજા એકઠા થયેલા પાણીને લાગુ પડે છે એમ ગણાશે નહિ.

---

૧. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લોઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી "ગવર્નર ઈન કાઉન્સિલને" એ મજકૂરને બદલે "પ્રાંતિક સરકારને" એ મજકૂર દાખલ કર્યો છે.

૨. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી "પ્રાંતિક" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૩. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લોઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી "મુંબઈ સરકારી રાજપત્ર" એ મજકૂરને બદલે "સરકારી રાજપત્ર" એ મજકૂર દાખલ કર્યો છે.

૪. સન ૧૯૬૨ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૯ થી પેટા-કલમો (૨) અને (૩) દાખલ કરી છે.

[1]ભાગ ૧૦

## બીજા વર્ગનાં સિંચાઈ કામો બાબત

**આ ભાગ લાગુ પાડવા બાબત.**

૭૨. આ ભાગ માત્ર બીજા વર્ગના સિંચાઈ કામોને લાગુ પડશે.

**બીજા વર્ગના સિંચાઈ કામનું જાહેરનામું.**

૭૩. (૧) [2][[3][રાજ્ય] સરકાર] [4][સરકારી રાજપત્રમાં]

(ક) ખરેખર સિંચાઈ માટે વપરાતી અથવા જોઈતી કોઈપણ કુદરતી અથવા બનાવેલી નહેર, કાંસ, ઝરા, નદી, [5][કૂવા, ટ્યુબવેલ, આર્ટીઝન કૂવા], પાઈપ અથવા જળાશય, [6][અથવા બંધારા] અથવા તેના કોઈપણ ભાગ પછી, તે [7][[3][રાજ્ય] સરકાર] બાંધે, નિભાવે અથવા નિયંત્રણમાં રાખે કે ન રાખે તેવું બીજા વર્ગનું સિંચાઈ કામ કરવા વિચાર્યાનું જણાવતું;

(ખ) એવી યોજના સામે વાંધા મોકલવા [4][સરકારી રાજપત્રમાં] એવું જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ચાર મહિનાથી ઓછી ન હોય એટલી મુદત ઠરાવનારૂં;

જાહેરનામું પ્રસિદ્ધ કરાવી શકશે;

---

૧. મુંબઈ સિંચાઈ (સુધારા) અધિનિયમ, ૧૯૧૪ (સન ૧૯૧૪ ના મુંબઈના ૨જા) ની કલમ ૨ થી ભાગ ૧૦ ઉમેરવામાં આવ્યો છે.

૨. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લોઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી "ગવર્નર ઈન કાઉન્સિલ તથા "ગવર્નર ઈન કાઉન્સિલના" એ મજકૂરને બદલે "પ્રાંતિક સરકાર" અને "પ્રાંતિક સરકારના" એ મજકૂર દાખલ કર્યા છે.

૩. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૪. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લોઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી "મુંબઈ સરકારી રાજપત્રમાં" એ બદલે "સરકારી રાજપત્રમાં" એ મજકૂર દાખલ કર્યો છે.

૫. સન ૧૯૫૦ ના મુંબઈના ૫૯મા અધિનિયમની કલમ ૭ થી આ મજકૂર દાખલ કર્યો છે.

૬. સન ૧૯૫૧ના મુંબઈના ૨૯મા અધિનિયમની કલમ ૭ (૧) થી "અથવા બંધારા" એ મજકૂર દાખલ કર્યો છે.

૭. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લોઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી "સરકારે" એ મજકૂરને બદલે "પ્રાંતિક સરકારે" એ મજકૂર દાખલ કર્યો છે :

પરંતુ એકજ સિંચાઈકાર સિંચાઈ માટે ખરેખર વાપરતો હોય એવા કોઈ બનાવેલા જળાશયના અથવા એવા જળાશયમાંથી જેમાં પાણી આવતું હોય તેવી નીકનો, એવાં પાણી લેનારની સંમતિ સિવાય એવા જાહેરનામામાં સમાવેશ કરવો નહીં અથવા જો [1][2][રાજ્ય] સરકારના] અભિપ્રાય પ્રમાણે જાહેર હિત માટે એવી રીતે સમાવેશ કરવાની જરૂર હોય તો એવી સંમતિ વગર એ શરતે સમાવેશ કરવો કે એવા સિંચાઈકારના હક માટે કલમ ૭૯ની જોગવાઈઓની રૂએ ઠરાવવામાં આવે તે વળતર પેટા-કલમ (૩)માં લખ્યા પ્રમાણેની જાહેરાત કાઢ્યા પછી તેને ચૂકવવું.

(૨) એવું જાહેરનામું [3][સરકારી રાજપત્રમાં] પ્રસિદ્ધ થયા પછી પણ કલેક્ટરે જે તાલુકામાં તે કામ આવેલું હોય તે તાલુકાના મામલતદારની કચેરીમાં તથા પોતાના અભિપ્રાય પ્રમાણે જે શહેર તથા ગામને એવા જાહેરનામાથી અસર થવાનો સંભવ હોય તેવા દરેક શહેર તથા ગામમાં બનતી તાકીદે તે જિલ્લાની ભાષામાં તે પ્રસિદ્ધ કરવું જોઈએ.

(૩) ઉપર્યુક્ત રીતે ઠરાવેલી મુદતની અંદર જે વાંધા મળ્યા હોય તે વિચારણામાં લીધા પછી [1][[2][રાજ્ય] સરકાર][3][સરકારી રાજપત્રમાં] જાહેરનામું પ્રસિદ્ધ કરીને, એવી નહેર, કાંસ, ઝરા, નદી, [4][કૂવા ટ્યૂબવેલ, આર્ટિઝન કૂવા,] પાઈપ [5][જળાશયને અથવા બંધારાને] અથવા તેના કોઈ ભાગને બીજા વર્ગના સિંચાઈકામ તરીકે જાહેર કરી શકશે.

કલેક્ટરે કરવાની જાહેરાત.

૭૪. કલમ ૭૩ ની પેટા-કલમ (૩)ની રૂએ જાહેરનામું કાઢ્યું હોય ત્યારે, કલેક્ટરે જે તાલુકામાં તે કામ આવેલું હોય તે તાલુકાના મામલતદારની કચેરીમાં તથા એવા જાહેરનામાથી પોતાના અભિપ્રાય પ્રમાણે જે નગર તથા ગામને અસર થાય તેમ હોય તેવા દરેક નગર તથા ગામમાં તે જિલ્લાની ભાષામાં—

(ક) કલમ ૭૩ ની પેટા-કલમ (૩)ની રૂએ જાહેર કરેલા બીજા વર્ગના સિંચાઈ કામનું જલપ્રાપ્તિ સાધન, સ્થળ અને તેની હદ બને ત્યાં સુધી બરાબર દર્શાવતી;

---

૧. એડેપ્ટેશન ઑફ ઈંડિયન લૉઝ ઑર્ડર ઈન કાઉન્સિલથી "ગવર્નર ઈન કાઉન્સિલ" એ મજકૂરને બદલે "પ્રાંતિક સરકાર" એ મજકૂર દાખલ કર્યો છે.

૨. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦થી "પ્રાંતિક" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૩. એડેપ્ટેશન ઑફ ઈંડિયન લૉઝ ઑર્ડર ઈન કાઉન્સિલથી "મુંબઈ સરકારી રાજપત્રમાં" એ મજકૂરને બદલે "સરકારી રાજપત્રમાં" એ મજકૂર દાખલ કર્યો છે.

૪. સન ૧૯૫૦ ના મુંબઈના ૫૯મા અધિનિયમની કલમ ૭ થી આ મજકૂર દાખલ કર્યો છે.

૫. સન ૧૯૫૧ ના મુંબઈના ૨૯મા અધિનિયમની કલમ ૭ (૨) થી "અથવા તળાવને" એ મજકૂરને બદલે" જળાશયને અથવા બંધારાને" આ મજકૂર દાખલ કર્યો છે.

(ખ) આ ભાગ એ રીતે જાહેર કરેલા કામને કલમ ૭૩ની પેટા-કલમ (૩) ની રૂએ પ્રસિદ્ધ કરેલા જાહેરનામાની તારીખથી લાગુ પડશે એમ જણાવતી; અને

(ગ) એવી જાહેરાતની તારીખથી ત્રણ મહિના કરતાં ઓછી ન હોય એટલી મુદત ઠરાવતી, અને એ રીતે કરેલા કામમાં કોઈ હકનો દાવો કરનારી દરેક વ્યક્તિને એવી મુદતની અંદર એવા હકનું સ્વરૂપ દર્શાવતી લેખિત નોટિસ કલેક્ટરને આપવાનું અથવા તેની સમક્ષ હાજર થઈને તેને જણાવવાનું ફરમાવતી જાહેરાત પ્રસિદ્ધ કરવી જોઈશે.

**મુખ્ય અધિનિયમની કેટલીક કલમો લાગુ પાડવા બાબત.**

**૭૫.** (૧) બીજા વર્ગનું સિંચાઈનું કામ કલમ ૩ની પેટા-કલમ (૧) ના અર્થમાં નહેર છે એમ ગણવું, અને એવાં કામને નીચેની કલમો તથા ભાગો જ શક્ય હોય તેટલે સુધી લાગુ પડશે :—

કલમો : ૩, ૪, [1][૫], ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, [2][૨૫-ક, ૨૫-ખ,] ૨૮, ૩૦, ભાગ ૫, [3][[4][કલમો ૪૯થી ૫૬-ખ] (બન્ને સુદ્ધાં), કલમ ૫૭], કલમ ૬૧ની પેટા-કલમ (૮) સિવાય ભાગ ૮ તથા ભાગ ૯.

(૨) ઉપર્યુક્ત કલમો તથા ભાગો, આ ભાગના હેતુ પૂરતા નીચેના ફેરફારને અધીન રહેશે :—

(૧) કલમ ૧૬માંની બીજી લીટીમાં "તો તેને" એ શબ્દો પછી "આમાં હવે પછી જણાવેલી રીતે તૈયાર કરેલા અથવા સુધારેલા હકપત્રકમાં નોંધેલા હકોને અધીન" એ મજકૂર ઉમેરવો.

(૨) કલમ ૧૭ની પહેલી લીટીની શરૂઆતમાં "ઉપર જણાવ્યા પ્રમાણે અધીન રહીને" એ મજકૂર ઉમેરવો.

(૩) કલમ ૨૧માંના ખંડ (ઘ) ને બદલે નીચેનો મજકૂર દાખલ કરવો—

"(ઘ) આમાં હવે પછી જણાવેલી રીતે તૈયાર કરેલા અથવા સુધારેલા હકપત્રકમાં ઠરાવવામાં આવે તે શરતોએ પાણી મળવાનો હક થશે."

(૪) કલમ ૨૨માં, નીચેનો પરંતુક ઉમેરવો :—

"પરંતુ આમાં હવે પછી જણાવેલી રીતે તૈયાર કરેલા અથવા સુધારેલા હક-પત્રકમાં નોંધેલા પાણી બાબતના કોઈ હકને એવી કોઈ ખાનગી ગોઠવણથી બાધ આવશે નહિ".

---

૧. સને ૧૯૫૧ ના મુંબઈના ૨૯મા અધિનિયમની કલમ ૮ (૧) થી "૫"એ આંકડો દાખલ કર્યો છે.

૨. એજનની કલમ ૮ (૨) થી "૨૫-ક, ૨૫-ખ" એ મજકૂર દાખલ કર્યો છે.

૩. સન ૧૯૫૭ ના મુંબઈના ૫૯ મા અધિનિયમની કલમ ૮ થી આ મજકૂર દાખલ કર્યો છે.

૪. સન ૧૯૮૨ ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૪થી "કલમો ૪ થી ૫૬-છ" એ શબ્દો આંકડા અને અક્ષરને બદલે આ શબ્દો, આંકડા અને અક્ષર મૂક્યા છે.

(૫) કલમ ૩૦માં, "વિષેનો દરેક કરાર" એ શબ્દોને બદલે "બાબતના સઘળાહક" એ શબ્દો દાખલ કરવા તથા સદરહુ કલમમાં "નહેર પાણી" એ શબ્દ પછી "આમાં હવે પછી જણાવેલી રીતે તૈયાર કરેલા અથવા સુધારેલા હક પત્રકમાં દાખલ કરેલી" એ શબ્દો દાખલ કરવા.

તે જ કલમનો બીજો પેરેગ્રાફ કાઢી નાંખવો.

(૬) ભાગ ૫માં, કલમ ૩૧ના પરંતુકનો ખંડ (ગ) તથા છેલ્લો પેરેગ્રાફ કાઢી નાંખવા,

(૭) ભાગ ૫માં, કલમ ૩૪માંના "કલમ ૬, કલમ ૭" એ શબ્દો અને આંકડા કાઢી નાંખવા;

(૮) ભાગ ૯માં, કલમ ૬૭માંના "૪૮" એ આંકડા પછી "તથા ભાગ ૧૦" એ શબ્દો ઉમેરવા.

હક પત્રક તૈયાર કરવા બાબત.

૭૬. (૧) કલમ ૭૪ના ખંડ (ગ) ની રૂએ કલેક્ટર ઠરાવેલી મુદત પૂરી થયા પછી બનતી ત્વરાએ આ અર્થે યોગ્ય સત્તા ધરાવતા નહેર અધિકારી, જે[1][ મહાલકારીથી ] ઊતરતા દરજ્જાના નહિ એવા મહેસૂલી અધિકારી હોવા જોઈએ, તેણે બીજા વર્ગના સિંચાઈ-કામમાં કોઈ હક માટેના દાવાની તપાસ કરી તે પતાવી આપવી જોઈએ, અને એવા હકના પ્રમાણની નોંધ કરી તે હક સરકારના દફતરોમાંથી તથા તે બાબત માહિતગાર હોય એવી કોઈ વ્યક્તિના પુરાવા તથા સંબંધ ધરાવતા પક્ષકારો અથવા તેના સાક્ષીઓ જે કોઈ બીજો દસ્તાવેજ અથવા કોઈ મૌખિક પુરાવો રજૂ કરે તેને આધારે શક્ય બને તેટલા પ્રમાણમા[2][ [3][ રાજ્ય ] સરકારે ] વખતોવખત ઠરાવેલા નમૂના પ્રમાણે સિંચાઈ સંબંધી હકપત્રક તૈયાર કરવું જોઈએ.

(૨) આવા હક-પત્રકમાં લેઠળની બાબતો હોવી જોઈએ :—

(ક) બીજા વર્ગના સિંચાઈ કામનું સ્વરૂપ અને તેની નીચે આવતું કોઈ ગૌણ કામ,

(ખ) તેમાંથી સિંચાઈનો લાભ મેળવનાર જમીન,

(ગ) સિંચાઈ પ્રથા અથવા નિયમ ;

---

૧. સન ૧૯૪૭ ના મુંબઈના ૧૩મા અધિનિયમની કલમ ૨ થી "મામલતદાર" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૨. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લોઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી "ગવર્નર ઈન કાઉન્સિલે" તથા "ગવર્નર ઈન કાઉન્સિલ" એ મજકૂરને બદલે "પ્રાંતિક સરકારે" તથા "પ્રાંતિક સરકાર" એ મજકૂર દાખલ કર્યો છે.

૩. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

(ઘ) પાણી મળવાના હક તથા એવા હકના ભોગવટા માટેની શરતો; તથા

(ચ) [1][[2][રાજ્ય] સરકાર] આ અર્થે નિયમો કરીને ઠરાવે તેવી બીજી બાબતો.

**૭૭.** (૧) કલમ ૭૬ની રૂએ કરવાની તપાસના હેતુઓ સારૂ, એવા નહેર અધિકારીને એવા કોઈપણ કામની આસપાસ આવેલી જમીનમાં પોતે અથવા તે હેતુ સારૂ પોતે અધિકૃત કરેલા કોઈ અધિકારી મારફત જવાની તથા તેની સરવે કરવાની, તેના પર હદ નિશાન કરવાની તથા તેનો નકશો કરવાની સત્તા છે. **નહેર અધિકારીની સત્તા.**

(૨) કલમ ૭૬માં ગમે તે મજકૂર હોય તે છતાં, તે કલમમાં જણાવેલી બધી અથવા કોઈ બાબતો સંબંધમાં પૂરતો પુરાવો મળી આવતો ન હોય ત્યારે, એવા નહેર અધિકારીએ ઉપર લખેલી બાબતો બની શકે તેટલે સુધી પોતાને યોગ્ય લાગે તેવી રીતે નક્કી કરી દફતરે નોંધવી જોઈએ.

**૭૮.** કલમ ૭૬ની રૂએ તૈયાર કરેલા હક-પત્રકને તે અર્થે યોગ્ય રીતે સત્તા ધરાવતા નહેર અધિકારી, જે[3][મહાલકારીથી] ઉતરતા દરજ્જાનો ન હોય એવા મહેસૂલી અધિકારી હોવો જોઈએ તેને વખતોવખત સુધારવાનો અધિકાર છે. **હક-પત્રકની સુધારણા.**

**૭૯.** આ ભાગ હેઠળ હોઈ હક-પત્રક તૈયાર કરનાર અથવા સુધારનાર નહેર-અધિકારીને એમ માલુમ પડે કે બીજા વર્ગના સિંચાઈના કામના નિભાવ કે ગોઠવણનો વિચાર કરતા હક-પત્રકમાંનો કોઈપણ હક દફતરે નોંધ્યો હોય તેટલા પ્રમાણમાં ચાલુ રાખી શકાય તેમ નથી. ત્યારે તેણે [1][[2][રાજ્ય] સરકાર] વખતોવખત (આ અર્થે જે નિયમો ઠરાવે તેને અધીન) રહીને એવો હક ધરાવનારને હકના બદલામાં પૈસાની રકમ, અથવા જમીન આપીને અથવા પોતાને યોગ્ય લાગે તેવી બીજી રીતે, એવા હકનો પૂર્ણત: અથવા અંશત: બદલો આપવો જોઈએ; અને તેણે હક-પત્રક તે મુજબ સુધારવું જોઈએ. **હકનું નાણાંમાં રૂપાંતર.**

---

૧. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લોઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી "ગવર્નર ઈન કાઉન્સિલ" એ મજકૂરને બદલે "પ્રાંતિજ સરકાર" એ મજકૂર દાખલ કર્યો છે.

૨. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦થી "પ્રાંતિક" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૩. સન ૧૯૪૭ ના મુંબઈના ૧૩મા અધિનિયમની કલમ ૨ થી "મામલતદાર" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

**ત્યારે પાણી પૂરું પાડવા કામો હાથ ધર્યા હોય ત્યારે [2][રાજ્ય] સરકારની સત્તા.**

૮૦. કોઈપણ બીજા વર્ગના સિંચાઈ કામથી આ ભાગની રૂએ હક-પત્રક તૈયાર કરતી અથવા સુધારતી વખતે જેટલું પાણી પૂરું પાડવાનું હોય તેના કરતાં વધારે પાણી પૂરું પાડે એવું કોઈ કામ [1][[2][રાજ્ય]સરકાર] પોતાને ખર્ચે હાથ ધરે ત્યારે [1][[2][રાજ્ય]સરકાર] એવી રીતે દાખલ કરેલા કોઈ હકને બાધ આવ્યા વગર એવું ફરમાવી શકશે કે એવા વધારાના પાણી ઉપરનો હક [3][[2][રાજ્ય]સરકારના] ગણાશે અને [4][[2][રાજ્ય]સરકારને] યોગ્ય લાગે તેમ તેનો ઉપયોગ કરવામાં આવશે, તથા એવા હુકમને અનુસરીને હક-પત્રકમાં સુધારો કરવો જોઈએ.

**હક-પત્રકની પ્રસિદ્ધિ.**

૮૧. જ્યારે આ ભાગની રૂએ કોઈ હક-પત્રક તૈયાર કરવામાં અથવા સુધારવામાં આવે ત્યારે જે તાલુકામાં તે કામ આવેલું હોય તે તાલુકાના મામલતદારની કચેરીમાં તથા કલેક્ટરના અભિપ્રાય પ્રમાણે જે શહેર અથવા ગામને એવા હક-પત્રકથી અસર થતી હોય તે દરેક શહેર તથા ગામમાં તે જિલ્લાની ભાષામાં તે પ્રસિદ્ધ કરવું જોઈશે.

**હક-પત્રકમાંની નોંધો સંબદ્ધ પુરાવો ગણાશે.**

૮૨. આ ભાગની રૂએ તૈયાર કરેલા અથવા સુધારેલા કોઈપણ હક-પત્રકમાંની કોઈ નોંધ દફતરે નોંધવામાં આવેલી બાબતોના સંબંધમાં કોઈ તકરાર ઉઠે તો સંબદ્ધ પુરાવો ગણાશે અને તેથી ઊલટું સાબિત કરવામાં ન આવે અથવા તેને બદલે કાયદેસર દફતરે નવી નોંધ કરવામાં ન આવે ત્યાં સુધી તે ખરી છે એમ માની લેવાશે :

પરંતુ આવી કોઈપણ નોંધનો એવો અર્થ કરવો નહીં કે જેથી આ ભાગથી [4][[2][રાજ્ય] સરકારને] આપેલી સત્તામાંની કોઈપણ સત્તા મર્યાદિત થાય.

---

૧. એડેપ્ટેશન ઓફ ઈન્ડીયન લાઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી "સરકાર" અને "સરકારને" એ મજકૂરને બદલે "પ્રાંતિક સરકાર" અને "પ્રાંતિક સરકારને" એ મજકૂર દાખલ કર્યો છે.

૨. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦થી "પ્રાંતિક" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૩. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦થી "પ્રાંતના કારોબાર સારુ તાજના" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૪. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લાઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી "સરકારના" "સરકારને" તથા "સરકારની" એ મજકૂરને બદલે "પ્રાંતિક સરકારના" "પ્રાંતિક સરકારને" તથા "પ્રાંતિક સરકારની" એ મજકૂર દાખલ કર્યા છે.

૮૩. (૧) આ ભાગની રૂએ તૈયાર કરેલા અથવા સુધારેલા કોઈપણ હક-પત્રકમાં કરેલી કોઈ નોંધ સામે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે જેમાં વાંધો ઉઠાવવામાં આવ્યો હોય, તેવા દાવા અથવા કાર્યવાહીમાં કોર્ટે છેવટના મુદ્દા ઠરાવતા પહેલાં, તે દાવા અથવા કાર્યવાહી બાબત કલેકટરને નોટિસ આપવી જોઈએ અને જો કલેકટર તેમ કરવાની અરજ કરે તો, [1][[2][રાજ્ય] સરકારને] તેમાં પક્ષકાર બનાવવી જોઈએ. **કલેકટરને દાવાની નોટિસ આપવી.**

(૨) પેટા કલમ (૧) માં ઠરાવ્યું હોય તે સિવાયને પ્રસંગે, કલેકટરને, નહેર અધિકારીને અથવા [3][[2][રાજ્ય] સરકારના] હુકમ પ્રમાણે કામ કરનાર બીજી કોઈ પણ વ્યકિતને અથવા [3][ [રાજ્ય]સરકારને] આ ભાગથી મળતી કોઈપણ સત્તા વાપરતા કલેકટરે, નહેર અધિકારીએ અથવા એવી બીજી વ્યકિતએ કાંઈ કર્યું હોય તેના સંબંધમાં [3][[2][રાજ્ય] સરકારની] સામે કોઈ દાવો માંડી શકાશે નહિ. **રાજ્ય સરકાર સામે દાવા.**

(૩) આ ભાગની રૂએ તૈયાર કરેલા અથવા સુધારેલા કોઈ હક-પત્રકમાં કરેલી કોઈ નોંધ સામે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે જેમાં વાંધો ઉઠાવવામાં આવ્યો હોય એવો કોઈપણ દાવો અથવા કાર્યવાહી, સદરહુ નોંધવાળું હક-પત્રક કલમ ૮૧ની રૂએ પ્રસિદ્ધ કરવામાં આવ્યાની તારીખથી, અથવા એવા હક-પત્રકમાંની કોઈ નોંધ સંબંધી કોઈ નહેર અધિકારીના કોઈપણ હુકમની સામે એક અથવા વધારે અપીલ કરવામાં આવી હોય ત્યારે આ ભાગ મુજબ નક્કી થયેલા છેવટના અપીલ અધિકારીએ કરેલ હુકમની તારીખથી, એક વર્ષની અંદર માંડયો ન હોય અથવા ચલાવી ન હોય તો (બચાવમાં મુદતની મર્યાદા આગળ કરવામાં આવી ન હોય તો પણ) તે કાઢી નાંખવો અથવા કાઢી નાંખવી. **મુદતની મર્યાદા.**

૮૪. દરેક બીજા વર્ગના સિંચાઈ કામમાં નીચેનું સમારકામ જે વ્યકિતઓ ઉપર આની તરત પછીની કલમથી તેની જવાબદારી નાંખી હોય તેમણે કરાવવી જોઈએ :– **નાનાં સમાર-કામની જવાબદારી.**

(૧) સદરહુ બીજા વર્ગના સિંચાઈ-કામના તળાવોના બંધો, નહેરના કાંઠા અથવા બીજા ભાગોની સલામતી માટે જરૂરની ખાસ કરીને રક્ષક દિવાલની પાછળની મોરીઓ, ચીલાઓ તથા બાકોરાં પૂરી નાંખવાં તથા એવાં નાનાં સમારકામો કરવાં.

---

૧. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન ઓફ લોઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી "સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઈન્ડિયા ઈન કાઉન્સિલને" એ મજકૂરને બદલે "પ્રાંતિક સરકારને" એ મજકૂર દાખલ કર્યો છે.

૨. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી "પ્રાંતિક" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૩. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લોઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી "સરકારના" "સરકારને" તથા "સરકારની" એ મજકૂરને બદલે, "પ્રાંતિક સરકારના" "પ્રાંતિક સરકારને" તથા "પ્રાંતિક સરકારની" એ મજકૂર દાખલ કર્યા છે.

(૨) આવા કામની સલામતી જોખમાવે અથવા કામને ઢાંકી દે અથવા થોર, નાના ઝાડ તથા બીજા ઝાડઝાંખરાં એવા કામ ઉપર ઉગી નીકળતાં અટકાવવાં.

(૩) એવા કામની અંદરના પાણીના ઢાળોનું રક્ષણ કરવા રોપેલાં ઝાડ પાલાનું રક્ષણ કરવું.

(૪) જલદ્વારો પાસેની તથા આયાતી અને નિકાસી નહેરોમાંના કાંપ કચરો સાફ કરવો.

(૫) છલક-બંધ તથા છલક-નહેર સાફ કરવાં.

**જવાબદારીનું પ્રમાણ.**

૮૫. ઉપરની છેલ્લી કલમમાં ઠરાવેલી સમારકામ કરવાની જવાબદારી તેવા કામમાંથી સિંચાઈ કરેલી જમીનની બાબતમાં બિનદુમાલા જમીન માટે જમીનના ભોગવટો કરનારા ઉપર, અને બીજી બધી જમીન માટે જમીનના ધારણ કરનારાઓના ઉપર, સંયુક્ત અને પૃથક પૃથક નંખાયેલી જ છે એમ ગણવું; એવા ભોગવટો કરનાર તથા ધારણ કરનાર [1][જમીન મહેસૂલ અધિનિયમમાં] વ્યાખ્યા કર્યા પ્રમાણેના સમજવા.

**હક તથા જવાબદારીનો અમલ કરવાની સત્તા.**

૮૬. આ ભાગની કોઈપણ જોગવાઈઓથી કોઈ બીજા વર્ગના સિંચાઈકામ સંબંધમાં જેની ઉપર કાંઈ જવાબદારી નાખી હોય તે વ્યક્તિ, એવી જવાબદારી અદા કરવામાં ચૂકે, અથવા કોઈપણ વ્યક્તિ આમાં અહીં પહેલાં જોગવાઈ કરી હોય તે પ્રમાણે તૈયાર કરેલા અથવા સુધારેલા હક-પત્રકમાં નોંધેલા કોઈ હકનો ભંગ કરે તો, નહેર અધિકારી તેને નોટિસ આપીને પંદર દિવસથી ઓછી નહિ એવી નોટિસમાં ઠરાવેલી મુદતની અંદર, એવી જવાબદારી અદા કરવાનું અથવા એવા હકનું ઉલ્લંઘન ન કરવાનું ફરમાવી શકશે, અને એમ કરવામાં તે ચૂકે તો જવાબદારી અદા કરાવવા અથવા સદરહુ હકનો અમલ કરાવવા જરૂરનાં હોય તે પગલાં લઈ શકશે, અને એમ કરતાં કોઈપણ ખર્ચ હોય તો તેની રકમ [2][[3][રાજ્ય] સરકારની] લેણી તથા જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાય તેવી સમજવી.

**સમારકામ ન કરવા બદલ રિપોર્ટ કરવાની પટેલની ફરજ.**

૮૭. કલમ ૮૪માં દર્શાવેલાં સમારકામોમાં, કરવામાં કાંઈપણ ચૂક કે ગફલત થાય, તો તે બાબતનો રિપોર્ટ મામલતદારને ખોટો વિલંબ કર્યા વિના કરવાની ફરજ કોઈ બીજા વર્ગનું સિંચાઈ કામ અથવા એવા કામનો ભાગ જેની હદમાં આવ્યો હોય તે ગામના પટેલની રહેશે.

---

૧. સન ૧૯૬૨ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૦થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૨. એડપ્ટેશન ઓફ ઈન્ડિયન લોઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી "સરકારની' એ મજકૂરને બદલે "પ્રાંતિક સરકારની" એ મજકૂર દાખલ કર્યો છે.

૩. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦થી પ્રાંતિક" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૮૮. કોઈપણ રાજ્ય-સેવકે અથવા આ ભાગની રૂએ નિમાયેલી કોઈપણ વ્યકિતએ આ ભાગની જોગવાઈઓ મુજબ અથવા તેની રૂએ કરેલા નિયમો મુજબ શુદ્ધ-બુદ્ધિથી કરેલા અથવા કર્યું છે એમ જણાતું હોય તેવા કોઈ કામ માટે તેની સામે કોઈ દાવો માંડી શકાશે નહિ. ફોજદારી કામ ચલાવી શકાશે નહિ અથવા બીજી કાનૂની કાર્યવાહી ચલાવી શકાશે નહિ. **રાજય સેવકો તથા બીજી કેટલીક વ્યકિતઓ ઉપર કાનૂની કાર્યવાહી ન ચલાવવા બાબત.**

૮૯. [૧][(૧)][૨] [[૩][રાજ્ય] સરકારને] વખતોવખત [૪][સરકારી રાજપત્રમાં] જાહેરનામું પ્રસિદ્ધ કરીને તથા અગાઉથી પ્રસિદ્ધ કર્યા પછી, નીચેની બધી અથવા કોઈ બાબતો માટે નિયમો કરવાની સત્તા છે:— **નિયમો કરવાની સત્તા.**

(૧) હક-પત્રક ઘડવાની તથા સુધારવાની રીત,

(૨) આ ભાગની જોગવાઈઓ રૂએ કોઈ બાબતમાં જે અધિકારીને કામ ચલાવવા ફરમાવ્યું છે તેણે કરવાની કાર્યવાહી,

(૩) તથા સામાન્ય રીતે આ વિભાગની જોગવાઈઓનો અમલ.

[૫][(૨) આ કલમ મુજબ કરેલા સર્વ નિયમો, તે કરવામાં આવે તે પછી જેમ બને તેમ જલદી, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજ્ય વિધાનમંડળના ગૃહ સમક્ષ મૂકવા અને જે બેઠકમાં તે એવી રીતે મૂકવામાં આવ્યા હોય તે અથવા તેની પછી તરત આવતી બેઠક દરમિયાન રાજ્ય વિધાનમંડળ કરે તેવા ફેરફારોને તે અધીન રહેશે

(૩) રાજ્ય વિધાનમંડળે કરેલો ફેરફાર રાજ પત્રમાં પ્રસિદ્ધ કરવો જોઈશે અને તેમ થયે તે અમલમાં આવશે.]

---

૧. સન ૧૯૬૨ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૧થી કલમ ૮૯ને પેટા-કલમ (૧) તરીકે નંબર આપ્યો છે.

૨. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લૉઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી "ગવર્નર ઈન કાઉન્સિલને" એ મજકૂરને બદલે "પ્રાંતિક સરકારને" એ મજકૂર દાખલ કર્યો છે.

૩. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦થી "પ્રાંતિક" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૪. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લૉઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી "મુંબઈ સરકારી રાજપત્રમાં" એ મજકૂરને બદલે "સરકારી રાજપત્રમાં" એ મજકૂર દાખલ કર્યો છે.

૫. સન ૧૯૬૨ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૧થી પેટા-કલમો (૨) અને (૩) દાખલ કરી છે.

[1][૯૦. (૧) મુંબઈ સિંચાઈ (ગુજરાત વ્યાપ્તિ અને સુધારા) અધિનિયમ, ૧૯૬૧ શરૂ થયાની તારીખે, સૌરાષ્ટ્ર સિંચાઈ અધિનિયમ, ૧૯૫૧, રદ થયેલો ગણાશે. **રદ થયેલ બાબત અને અપવાદરૂપ ઠરાવ**

(૨) પેટા-કલમ (૧) માંના કોઈપણ મજકૂરથી—

(ક) તેવી રીતે રદ થયેલા અધિનિયમના પૂર્વ અમલને અથવા તે મુજબ યોગ્ય રીતે કરેલા અથવા કરવા દીધેલા કોઈપણ કૃત્યને; અથવા

(ખ) તે રીતે રદ થયેલા અધિનિયમ મુજબ સંપાદન કરેલ, પ્રાપ્ત થયેલ અથવા માથે આવેલ કોઈ હક, વિશેષાધિકાર, કર્તવ્ય અથવા જવાબદારીને; અથવા

(ગ) તે રીતે રદ થયેલા અધિનિયમ નીચેના કોઈ ગુના માટે થયેલ કોઈપણ દંડ, જપ્તી અથવા સજાને; અથવા

(ઘ) ઉપર્યુક્ત કોઈ હક, વિશેષાધિકાર, કર્તવ્ય, જવાબદારી, દંડ, જપ્તી અથવા સજા સંબંધી કોઈ તપાસ, કાનૂની કાર્યવાહી અથવા ઉપાયને;

બાધ આવશે નહિ.

અને જાણે કે મુંબઈ સિંચાઈ (ગુજરાત વ્યાપ્તિ અને સુધારા) અધિનિયમ, ૧૯૬૧, પસાર થયો ન હોય તેમ, આવી કોઈ તપાસ, કાનૂની કાર્યવાહી અથવા ઉપાય કરી શકાશે, ચાલુ રાખી શકાશે અથવા અમલમાં મૂકી શકાશે અને આવો કોઈ દંડ જપ્તી અથવા સજા કરી શકાશે:

પરંતુ એ રીતે રદ કરેલા અધિનિયમ મુજબ કરેલું કૃત્ય અથવા લીધેલું કોઈપણ પગલું, આ અધિનિયમની તત્સમાન જોગવાઈ મુજબ કરેલું અથવા લીધેલું ગણાશે અને આ અધિનિયમ મુજબ કરેલા કોઈપણ કૃત્યથી અથવા લીધેલા કોઈપણ પગલાંથી રદ કરવામાં આવે તે સિવાય અને ત્યાં સુધી તદ્નુસાર અમલમાં ચાલુ રહેશે.]

## [2][ભાગ ૧૧

## પંચાયત સિંચાઈ કામો

૯૧. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ની બીજી અનુસૂચિમાં વર્ણવેલાં ખેતી અને સિંચાઈના ક્ષેત્રે પોતાનાં કાર્યો બજાવતી વેળા કોઈ તાલુકા પંચાયત અથવા સદરહુ અધિનિયમની ત્રીજી અનુસૂચિમાં વર્ણવેલાં ગૌણ સિંચાઈ યોજનાના ક્ષેત્રે પોતાનાં કાર્યો બજાવતી વેળા કોઈ જિલ્લા પંચાયત, કોઈ નહેર, કાંસ, ઝરો, નદી, કૂવો, ટ્યુબવેલ, પાતાળકુવા, પાઈપ અથવા કુદરતી કે કૃત્રિમ જળાશય અથવા બંધારા અથવા તેનો કોઈ ભાગ બાંધે, નિભાવે કે તેનું નિયંત્રણ કરે, ત્યારે તે, પંચાયત સિંચાઈ કામ ગણાશે અને આવું પંચાયત સિંચાઈ કામ કલમ ૩ ની **પંચાયત સિંચાઈ કામોને આ નિયમની અમુક જોગ વાઈઓ લા પડવા બાબ**

સન ૧૯૬૨ ના ગુજરાતના છઠ્ઠો

---

૧. સન ૧૯૬૨ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૨ થી કલમ ૯૦ દાખલ કરી છે.

૨. સન ૧૯૭૩ના ગુજરાતના ૨૭મા અધિનિયમની કલમ ૧૨ થી આ ભાગ દાખલ કર્યો છે.

પેટા-કલમ (૧) ના અર્થ મુજબ નહેર ગણાશે અને એવા કામને આ અધિનિયમની તમામ જોગવાઈઓ, શક્ય તેટલે સુધી, નીચેના ફેરફારોને અધીન રહીને, લાગુ પડશે :

(૧) કલમો ૧૧, ૧૫, ૨૫, કલમ ૨૫-કની પેટા-કલમ (૨) અને કલમ ૫૭ની પેટા-કલમ (૪) ના ખંડ (ક) માં, રાજ્ય સરકારના ઉલ્લેખોનો અર્થ, જિલ્લા પંચાયતના ઉલ્લેખો તરીકે કરવો :

(૨) કલમ ૩ની પેટા-કલમ (૫), કલમો ૧૮, અને ૧૯ કલમ ૨૦-ક ની પેટા-કલમ (૫) ના ખંડ (ગ) અને કલમ ૨૦-ખ માં હોય તે સિવાય કલેકટરના ઉલ્લેખોનો અર્થ જિલ્લા વિકાસ અધિકારીના ઉલ્લેખો તરીકે કરવો ;

(૩) નહેર અધિકારીના ઉલ્લેખોનો અર્થ નિયંત્રક પંચાયતે આ હેતુ માટે અધિકૃત અધિકારીના ઉલ્લેખો તરીકે કરવો ;

(૪) કલમ ૭૩ ની પેટા-કલમ (૨) માં, "મામલતદારની કચેરીમાં" એ શબ્દોને બદલે, "તાલુકા વિકાસ અધિકારીની કચેરીમાં" એ શબ્દો મૂકવાં ;

(૫) કલમ ૮૭માં "પટેલ" અને "મામલતદાર" એ શબ્દોને બદલે અનુક્રમે "ગ્રામપંચાયત" અને "જિલ્લા પંચાયત" એ શબ્દો મૂકવા.

**સ્પષ્ટીકરણ.**—આ કલમના હેતુઓ માટે કોઈ તાલુકા પંચાયત વડે બંધાયેલા, નિભાવાતા અથવા તેના નિયંત્રણ નીચેના પંચાયત સિંચાઈ કામ સંબંધમાં "નિયંત્રક પંચાયત" એટલે તે તાલુકા પંચાયત અને કોઈ જિલ્લા પંચાયત વડે બંધાયેલા, નિભાવાતા અથવા તેના નિયંત્રણ નીચેના કોઈ પંચાયત સિંચાઈ કામ સંબંધમાં "નિયંત્રક પંચાયત" એટલે તે જિલ્લા પંચાયત એમ સમજવું.]

## [1] [ભાગ ૧૨

## ટ્યૂબવેલ, આર્ટિઝન કૂવા અને બોરવેલના બાંધકામ અને નિભાવનું નિયમન કરતી ખાસ જોગવાઈઓ

૯૨. આ ભાગમાં, સંદર્ભથી, વિરૂદ્ધ ન હોય, તો— **વ્યાખ્યા.**

(ક) "આર્ટિઝન કૂવો" એટલે પાઈઝો-મેટ્રિક લેવલ ધરાવતું આર્ટિઝન અથવા પાઈએસ્ટિક પાણી જમીન ઉપર મેળવી આપે તેવો કૂવો ;

---

૧. સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિના જામા અધિનિયમની કલમ ૨ થી ભાગ-૧૨ અને અનુસૂચિ દાખલ કર્યા છે.

(ખ) "બોરવેલ" એટલે કઠણ ખડકાળ વિસ્તારોમાં ખોદેલો એવો કૂવો કે જેનો છેદ એમને એમ ટકી રહે અને જેને આધાર આપવા પાઈપોની જરૂર રહે નહિ અને એવા કૂવામાં અંશત: ખોદેલા અને અંશત: શારેલા કૂવાનો સમાવેશ થાય છે;

(ગ) "ભૂગર્ભ જળ" એટલે જમીનના પેટાળમાં રહેલું પાણી, પછી તે સ્થિર સ્થિતિમાં કે વહેતું હોય તે ભૂસ્તર ગમે તે પ્રકારનુ હોય અને તેમાં તમામ ભૂગર્ભ જળાશયનો સમાવેશ થાય છે;

(ઘ) "ઠરાવેલું" એટલે કલમ ૧૦૧ હેઠળ કરાયેલા નિયમોથી ઠરાવેલું;

(ચ) "પ્રાદેશિક નહેર અધિકારી" એટલે રાજ્ય સરકારે, રાજપત્રમાં જાહેરનામા દ્વારા, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે વિસ્તારમાં, આ ભાગ હેઠળ પ્રાદેશિક નહેર અધિકારીનાં કાર્યો બજાવવા માટે અધિકૃત કરેલા નહેર અધિકારી;

(છ) "ટ્યુબવેલ" એટલે જેમાંથી પાણી ઝમી શકે તેવા એક કે વધુ સ્તરો દ્વારા જળસ્રોતવાળાં પડોમાંથી પાણી કાઢવાના હેતુ માટે જમીનમાં ઊંડો શારેલો છેદ.

**આ ભાગ જેને લાગુ પડતો હોય તે વિસ્તાર.**

૯૩. (૧) આ ભાગની જોગવાઈઓ, પ્રથમત: અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા વિસ્તારને લાગુ પડશે.

(૨) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા અન્ય વિસ્તારોને આ ભાગની જોગવાઈઓ લાગુ પાડી શકશે.

(૩) રાજ્ય સરકાર, તેવા જાહેરનામા દ્વારા ફરમાવી શકશે કે આ ભાગની જોગવાઈઓ, સદરહુ જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તે તારીખે અને તે તારીખથી આવા વિસ્તારને લાગુ પડતી બંધ થશે અને આવી રીતે જોગવાઈઓ લાગુ પડવાનું બંધ થતાં પહેલાં થયેલ કાર્ય અથવા કાર્યલોપના સંબંધમાં હોય તે સિવાય આવા વિસ્તારને તે જોગવાઈઓ લાગુ પડતી બંધ થશે.

**ટ્યુબવેલ વગેરેના બાંધકામ અને નિભાવના નિયમન બાબત.**

૯૪. મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ, અથવા તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, સદરહુ અધિનિયમમાં (જેનો આ ભાગમાં હવે પછી "ખેતીની જમીન" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અર્થ મુજબ ખેતીના હેતુ માટે આકારેલી અથવા ધરાવેલી કોઈ જમીનના ધરાવનારે, "મુંબઈ સિંચાઈ" (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૭૬" ના આરંભ પછી કલમ ૯૫ હેઠળ કાઢી આપેલા લાયસન્સની (આવા કુવાના નિભાવ અંગેની શરતો સહિતની) બોલીઓ અને શરતો તેમજ કલમ ૧૦૧ હેઠળ કરાયેલા નિયમો હેઠળ અને

તે અનુસાર હોય તે સિવાય, ભૂગર્ભ પાણી કાઢવા માટે પિસ્તાળીસ મીટર કરતાં વધુ ઊંડાઈવાળાં, કોઈ ટ્યુબવેલ, આર્ટિઝનકૂવા અથવા બોરવેલ બાંધવા નહિ અથવા બંધાવવા નહિ અથવા બાંધવાની પરવાનગી આપવી નહિ.

**લાઈસન્સ આપવા બાબત.**

૯૫. (૧) કોઈ ખેતીની જમીન ધરાવનાર ભૂગર્ભ જળ કાઢવા માટે પિસ્તાળીસ મીટરથી વધુ ઊંડો કોઈ ટ્યૂબવેલ, આર્ટિઝન કૂવા અથવા બોરવેલ તેમાં બાંધવા માગે ત્યારે, લાઈસન્સ આપવા માટે હકૂમત ધરાવતા પ્રાદેશિક નહેર અધિકારીને તેણે અરજી કરવી જોઈશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલી દરેક અરજી ઠરાવવામાં આવે તે નમૂનામાં હોવી જોઈશે અને તેમાં ઠરાવવામાં આવે તે વિગતો હોવી જોઈશે અને તેની સાથે ઠરાવવામા આવે તેટલી ફી સામેલ કરવી જોઈશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ અરજી મળ્યે, અને પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, અને ભૂગર્ભ જળની પ્રાપ્યતા અને ગુણવત્તા અને જે વિસ્તારમાં, યથા-પ્રસંગ, ટ્યૂબવેલ, આર્ટિઝન કૂવા અથવા બોરવેલ બાંધવા ધાર્યું હોય તે વિસ્તારમાં કૂવાની સંખ્યા અને કેસના સંજોગો પ્રમાણે જરૂરી હોય તેવી બીજી સંબંધિત હકીકતો લક્ષમાં રાખીને, પ્રાદેશિક નહેર અધિકારી, જેને માટે અરજી કરી હોય તે લાઈસન્સ આપવાનો અથવા આપવાની ના પાડવાનો હુકમ કરી શકશે:

પરંતુ લાઈસન્સ આપવાની ના પાડતાં પહેલાં, અરજદારને, આ બાબતમ સુનાવણીની વાજબી તક આપવી જોઈશે;

વધુમાં, પેટા-કલમ (૧) હેઠળ જેને અરજી કરવામાં આવી હોય તે પ્રાદેશિક નહેર અધિકારી, તે અરજી મળ્યાની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર, સદરહુ અરજી અંગેના પોતાના નિર્ણયની અરજદારને જાણ કરવાનું ચૂકે, તો અરજદારને લાઈસન્સ અપાઈ ગયું છે એમ ગણવામાં આવશે.

(૪) પેટા-કલમ (૩) હેઠળ આપેલું અથવા આપવામાં આવ્યાનું ગણાતું દરેક લાઈસન્સ ઠરાવવામાં આવે તેવા નમૂનામાં રહેશે અને તેમાં નિર્દિષ્ટ કરી હોય તેવી કૂવાની જાળવણી સંબંધી શરતો સહિતની શરતોને અધીન રહેશે.

**ચાલુ ટ્યૂબવેલ વગેરેનાં નિયમન બાબત.**

૯૬. "મુંબઈ સિંચાઈ (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૭૬" ના આરંભે ખેતીની જમીનમાં, કોઈ ટ્યૂબવેલ, આર્ટિઝન કૂવો અથવા બોરવેલ હોય અને આવા કૂવાની ઊંડાઈ પિસ્તાળીસ મીટર કરતાં વધારે હોય, ત્યારે ખેતીની જમીન ધરાવનારે, આવા આરંભથી ત્રણ મહિનાની અંદર, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, હકૂમત ધરાવતા પ્રાદેશિક નહેર અધિકારીને કૂવાના સંબંધમાં માહિતી પૂરી પાડવી જોઈશે અને માહિતી મળ્યે, પ્રાદેશિક નહેર અધિકારીએ, પોતાને ખાતરી થાય કે આવા આરંભે તે કૂવો હતો, તો જમીન ધરાવનારને, આવા આરંભે સદરહુ કૂવો હતો, એવી મતલબનું પ્રમાણપત્ર ઠરાવેલા નમૂનામાં આપવું જોઈશે.

૯૭. આ અર્થે પોતાને કરેલા લખાણ ઉપરથી અથવા અન્યથા પ્રાદેશિક નહેર અધિકારીને, એવી ખાતરી થાય કે— **લાઇસન્સ રદ કરવા બાબત.**

(ક) કલમ ૯૫ હેઠળ આપેલું કોઈ લાઇસન્સ કપટથી અથવા મહત્વની કોઈ હકીકતની ઝેરઝૂઆત કરીને મેળવવામાં આવ્યું છે; અથવા

(ખ) જેને અધીન રહીને લાઇસન્સ આપવામાં આવ્યું હોય તે બોલીઓ અને શરતોનું લાઇસન્સ ધરાવનારે, વાજબી કારણ વગર પાલન કર્યું નથી અથવા આ ભાગની જોગવાઇઓ પૈકી કોઈ જોગવાઇનું અથવા કલમ ૧૦૧ હેઠળ કરેલા નિયમોનું ઉલ્લંઘન કર્યું છે, તો પછી, લાઇસન્સ ધરાવનાર આ ભાગ હેઠળ પાત્ર થાય તેવી અન્ય કોઈ શિક્ષાને બાધ આવ્યા સિવાય, પ્રાદેશિક નહેર અધિકારી, લાઇસન્સ ધરાવનારને કારણ દર્શાવવાની તક આપ્યા પછી હુકમ દ્વારા લાઇસન્સ રદ કરી શકાશે.

૯૮. (૧) પ્રાદેશિક નહેર અધિકારીએ કલમ ૯૫ અથવા કલમ ૯૭ અથવા કલમ ૯૬ હેઠળ કરેલા હુકમથી નારાજ થયેલી કોઈ વ્યકિત ઠરાવેલી, મુદતની અંદર આવા હુકમની સામે નિયત સત્તાધિકારીને અપીલ કરી શકશે અને આવી અપીલ અંગે નિયત અધિકારીનો નિર્ણય આખરી ગણાશે. **અપીલો.**

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરવામાં આવેલી દરેક અપીલ ઉપર, ઠરાવવામાં આવે તટલી કિંમતના કોર્ટ ફી સ્ટેમ્પ હોવા જોઈશે.

૯૯. (૧) જે ખેતીની જમીનમાં પિસ્તાળીસ મીટરથી વધુ ઊંડાઈનો ટ્યૂબવેલ, આર્ટિઝન પાણી કૂવો અથવા બોરવેલ હોય તે ખેતીની જમીન ધરાવનાર એવાં કૂવામાંથી ખેતીના અથવા પીવાના હેતુ માટે હોય તે સિવાયની અન્ય હેતુ માટે પાણીનો ઉપયોગ કરવા દઈ શકશે નહિ. અથવા જમીનની સપાટી ઉપર અથવા નીચેના, જેમાંથી પાણી ગળી જતું હોય તેવાં આવરણો, (કેસિંગ), પાઇપનાં જોડકામ વાલ્વ અથવા પંપ વાટે અથવા અન્ય કોઈ કારણસર પાણીનો બગાડ કરવા દઈ શકશે નહિ : **પાણી વપરાશનું નિયમન.**

પરંતુ, રાજ્ય સરકાર, કોઈ સામાન્ય અથવા ખાસ હુકમ કરે તેને અધીન રહીને, પ્રાદેશિક નહેર અધિકારી, હુકમ દ્વારા, એવા કૂવાઓમાંથી ખેતીના અથવા પીવાના હેતુ માટે હોય તે સિવાયના અન્ય કોઈ હેતુ માટે પાણી વાપરવાની પરવાનગી આપે, તો આવા જમીન, ધરાવનાર કૂવામાંથી એવા હેતુ માટે પાણી વાપરવા દઈ શકશે.

(૨) પ્રાદેશિક નહેર,અધિકારીનો એવો અભિપ્રાય થાય કે, પિસ્તાળીસ મીટરથી વધુ ઊંડાઈવાળા કોઈ ટ્યૂબવેલ, આર્ટિઝન કૂવા અથવા બોરવેલમાંથી પાણી, પ્રાદેશિક

નહેર અધિકારીના હુકમ સિવાય, ખેતીના અથવા પીવાના હેતુ માટે હોય તે સિવાયના અન્ય હેતુ માટે વાપરવામાં આવે છે અથવા બગાડવામાં આવે છે તો જેમાં આવો કૂવો આવેલો હોય તેવી ખેતીની જમીનના ધરાવનારને ઓછામાં ઓછા ત્રીસ દિવસની નોટિસ આપ્યા પછી, પ્રાદેશિક નહેર અધિકારી હુકમથી તેને ફરમાવી શકાશે કે કૂવો તેણે તેના ખર્ચે, પોતે એવા હુકમમાં નિર્દિષ્ટ કરે તે રીતે બંધ અથવા સીલ કરી દેવો અને આવી ખેતીની જમીન ધરાવનારે આવા હુકમનું પાલન કરવું જોઈશે.

(૩) ખેતીની જમીન ધરાવનાર, કોઈ વ્યક્તિ પેટા-કલમ (૨) હેઠળ કરેલા કોઈ હુકમનું પાલન કરવામાં ચૂક કરે ત્યારે પ્રાદેશિક નહેર અધિકારી ખેતીની જમીન ધરાવનારને આ અર્થે યોગ્ય નોટિસ આપ્યા પછી, તે જમીન ઉપર દાખલ થઈ કૂવો બંધ અથવા સીલ કરી શકશે અને તે અંગે થયેલ ખર્ચ જમીન ધરાવનાર પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે, વસૂલ કરી શકશે.

શિક્ષા.

૧૦૦. કોઈ વ્યક્તિ કલમ ૯૪ અથવા કલમ ૯૬ની જોગવાઈઓનું અથવા કલમ ૧૦૧ હેઠળ ટ્યુબવેલના બાંધકામ અથવા જાળવણી સંબંધમાં કરેલા નિયમોનું અથવા કલમ ૯૫ હેઠળ આપેલા લાઈસન્સમાં નિર્દિષ્ટ કરેલી બોલીઓ અથવા શરતો પૈકી કોઈ બોલી અથવા શરતનું ઉલ્લંઘન કરે તેને દોષિત ઠર્યે, છ મહિના સુધીની કેદ અથવા પાંચસો રૂપિયા સુધીની દંડના શિક્ષા અથવા એ બન્ને શિક્ષા કરવામાં આવશે.

નિયમો કરવાની સત્તા.

૧૦૧. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા અને પૂર્વ-પ્રસિદ્ધિ પછી આ ભાગની જોગવાઈઓ અમલમાં મૂકવા નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા નિયમોમાં નીચેની તમામ કે કોઈ અન્ય કોઈ બાબત માટેની જોગવાઈ કરી શકાશે—

(ક) કલમ ૯૫ હેઠળ લાઈસન્સ આપવા માટેની અરજીનો નમૂનો, આવી અરજીમાં આપવાની વિગતો અને આવી અરજી સાથે સામેલ રાખવાની ફી;

(ખ) કલમ ૯૫ હેઠળ આપવાનાં લાઈસન્સનો નમૂનો,

(ગ) ખેતીની જમીન ધરાવનાર કલમ ૯૬ હેઠળ જે નમૂનામાં માહિતી આપી શકે તેનો નમૂનો અને તે કલમ હેઠળ આપવાના પ્રમાણપત્રનો નમૂનો;

(ઘ) કલમ ૯૮ હેઠળ જેને અપીલ કરવાની હોય તે સત્તાધિકારી,એવી અપીલ કરવાની મુદત અને આવી અપીલ ઉપર ચોડવાના કોર્ટ ફી સ્ટેમ્પની કિંમત;

**(ચ)** પિસ્તાળીસ મીટર કરતાં વધારે ઊંડાઈવાળા ટ્યૂબવેલ, **આર્ટિઝન કૂવા** અથવા બોરવેલનું બાંધકામ કરવાની રીત;

(છ) ઠરાવવાનું આવશ્યક હોય કે ઠરાવી શકાય તેવી બીજી કોઈ બાબત.

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ ઓછામાં ઓછા ત્રીસ દિવસની મુદત સુધી રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે બેઠકમાં એ રીતે મૂકાય તેમાં અથવા ત્યાર પછીની તરતની બેઠકમાં રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કંઈ રદ કરે અથવા તેમાં જે કંઈ ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

(૪) રાજ્ય વિધાનમંડળ આ રીતે જે કંઈ રદ કરે અથવા ફેરફાર કરે તે સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે તે અમલમાં આવશે.

## અનુસૂચિ

[ જૂઓ કલમ ૯૩ (૧) ]

**વિસ્તારો**

૧. અમદાવાદ જિલ્લો

૨. બનાસકાંઠા જિલ્લો

૩. વડોદરા જિલ્લો

૪. ભરૂચ જિલ્લો

૫. ગાંધીનગર જિલ્લો

૬. ખેડા જિલ્લો

૭. કચ્છ જિલ્લો

૮. મહેસાણા જિલ્લો

૯. સાબરકાંઠા જિલ્લો

---

સરકારી છાપખાના, વડોદરા.

© PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

OBTAINABLE FROM THE GOVERNMENT PUBLICATIONS, SALES DEPOT, AHMEDA
VADODARA AND RAJKOT OR THROUGH ANY RECOGNISED BOOKSELLER.